dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year -09 | Issue- 236 | AD - 2026, Jeth Vad -02 | Tuesday, Dt. 02-06-2026 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

### ભાજપ શાસિત સરકારની રચનામાં ૩૫ નવા ચહેરાઓએ લીધા શપથ

## પશ્ચિમ બંગાળમાં સુવેન્દુ અધિકારીના મંત્રીમંડળનો વિસ્તાર

કોલકાતા, તા.૦૧

પશ્ચિમ બંગાળમાં આજે મુખ્યમંત્રી સુવેન્દુ અધિકારીના મંત્રીમંડળનો પ્રથમ મોટો વિસ્તાર કરવામાં આવ્યો છે. રાજ્યમાં ભાજપ સરકારની રચનાના આશરે ૨૨ દિવસ બાદ યોજાયેલા આ શપથગ્રહણ સમારોહમાં, લોકભવન ખાતે રાજ્યપાલ આર. એન. રવિએ ૩૫ નવા મંત્રીઓને પદ અને ગોપનીયતાના શપથ લેવડાવ્યા હતા. આ નવા મંત્રીઓમાં ભાજપના અનેક અગ્રણી ચહેરાઓનો સમાવેશ થાય છે. મંત્રીમંડળમાં (કુલ ૩૫ નવા મંત્રીઓ) કેબિનેટ મંત્રીઓઃ ૧૩, રાજ્યમંત્રીઓ (સ્વતંત્ર હવાલો): ૩, રાજ્યમંત્રીઓઃ ૧૯ છે.

કેબિનેટ મંત્રીઓ (૧૩) દીપક બર્મન, તાપસ રોય, ડૉ. શંકર ઘોષ, મનોજ કુમાર ઓરાં, અર્જુન સિંહ, ગૌરી શંકર ઘોષ, સ્વપન દાસગુપ્તા, જગન્નાથ ચટ્ટોપાધ્યાય, કલ્યાણ ચક્રવર્તી, અજય પોદાર, શરદવત મુખર્જી, દૂધ કુમાર મંડળ અને અનુપ કુમાર દાસ. રાજ્ય મંત્રી (સ્વતંત્ર હવાલો) (૩): ડૉ. ઈન્દ્રનીલ ખાન, માલતી રાભા રોય અને રાજેશ મહતો.

રાજ્યમંત્રીઓ (૧૯) અશોક ડિંડા, જ્વેલ મુર્મુ, હરેકૃષ્ણ બેરા, આનંદમય બર્મન, નાદિયાર ચંદ બૌરી, વિશાલ લામા, શાંતનુ પ્રામાણિક, મૌમિતા બિસ્વાસ મિશ્રા, ઉમેશ રોય, પૂર્ણિમા ચક્રવર્તી, કૌશિક ચૌધરી, ભાસ્કર ભટ્ટાચાર્ય, દિવાકર ઘરમી, અમિયા કિસ્કુ, કલિતા માઝી, ગાર્ગી દાસ ઘોષ, બિરાજ બિસ્વાસ, દીપાંકર જાના અને સુમના સરકાર. મંત્રી મંડળની વિશેષતાઓમાં



ઘરેલુ નોકરાણીથી મંત્રીપદ સુધી કલિતા માઝીની સંઘર્ષગાથા આ મંત્રીમંડળમાં સૌથી આશ્ચર્યજનક અને પ્રેરણાદાયી નામ કલિતા માઝીનું છે. પૂર્વ બર્દવાનના ઔશગ્રામ મતવિસ્તારમાંથી ભાજપની ટિકિટ પર ૧૨,૫૩૫ મતોની સરસાઈથી જીતેલા કલિતા માઝી રાજકારણમાં પ્રવેશતા પહેલા અન્યોના ઘરે વાસણ-કચરાપોતું કરીને દર મહિને માત્ર ૨,૫૦૦ રૂપિયા કમાતા હતા. તેમના પતિ પ્લમ્બર તરીકે કામ કરે છે. અત્યંત ગરીબી અને સંઘર્ષમાંથી આવીને તેઓ આજે મંત્રી બન્યા છે. ઉત્તર દિનાજપુરના કરનદિઘીના ૩૦ વર્ષીય ધારાસભ્ય બિરાજ બિસ્વાસ વિધાનસભાના સૌથી યુવા સભ્યોમાંના એક છે. કોલકાતા હાઈકોર્ટના વકીલ અને ABVPના પૂર્વ રાષ્ટ્રીય સચિવ રહી ચૂકેલા બિરાજે અનુભવી નેતા ગૌતમ પાલને હરાવીને આ સફળતા મેળવી છે. ભારતીય ક્રિકેટ ટીમના ભૂતપૂર્વ ફાસ્ટ બોલર અશોક ડિંડા મોયના બેઠક પરથી સતત બીજી વખત ચૂંટણી જીતીને હવે રાજ્યમંત્રી બન્યા છે. જાણીતા પત્રકાર રહી ચૂકેલા બે ધારાસભ્યો- સ્વપન દાસગુપ્તા અને જગન્નાથ ચટ્ટોપાધ્યાયને પણ કેબિનેટમાં સ્થાન મળ્યું છે. આજના વિસ્તારમાં કલિતા માઝી, મૌમિતા બિસ્વાસ મિશ્રા, સુમના સરકાર, ગાર્ગી ઘોષ દાસ અને પૂર્ણિમા ચક્રવર્તી સહિત અનેક મહિલાઓને તક અપાઈ છે.

અગ્નિમિત્રા પોલ અગાઉથી જ કેબિનેટ મંત્રી છે. સુવેન્દુ મંત્રીમંડળમાં ઉત્તર બંગાળ વિસ્તારને વિશેષ મહત્વ આપવામાં આવ્યું છે. શાંતનુ પ્રામાણિક ઉપરાંત શંકર ઘોષ, વિશાલ લામા, જ્વેલ મુર્મુ, આનંદમય બર્મન, દીપક બર્મન અને માલતી રાભા રોય જેવા ઉત્તર બંગાળના ચહેરાઓને મંત્રી બનાવાયા છે. વિધાનસભાના અધ્યક્ષ રથેન્દ્ર ઘોષ પણ આ જ પ્રદેશના છે. જો કે સરકારના તમામ મંત્રીઓના નામ જાહેર થઈ ગયા છે અને શપથવિધિ પૂર્ણ થઈ ગઈ છે.

## ચાર રાજ્યોમાં SIRનો ત્રીજો તબક્કો શરૂ, મતદાર યાદીમાં નવા નામ ઉમેરવાની પ્રક્રિયા ગતિમાં

નવી દિલ્હી, તા.૦૧

ભારતીય ચૂંટણી પંચે ઓડિશા, મિઝોરમ, સિક્કિમ અને મણિપુરમાં મતદાર યાદીને અપડેટ કરવા અને નવા નામ ઉમેરવા માટે 'ખાસ સંક્ષિપ્ત સુધારણા' (SIR) અભિયાનનો ત્રીજો તબક્કો શરૂ કરી દીધો છે. આ ચાર રાજ્યોમાં ૩૦ મેથી સત્તાવાર રીતે ચકાસણી અને નોંધણીની પ્રક્રિયા શરૂ થઈ ચૂકી છે. ચૂંટણી પંચ દ્વારા જારી કરાયેલી અખબારી યાદી મુજબ, જે નાગરિકો ૨૮ જૂન, ૨૦૨૬ સુધીમાં પોતાના ફોર્મ સબમિટ કરશે, તેમના નામોને આગામી ડ્રાફ્ટ




મતદાર યાદીમાં સામેલ કરવામાં આવશે. આ પ્રક્રિયા અંતર્ગત બૂથ લેવલ ઓફિસર્સ (BLO) ઘરે-ઘેરે જઈને તમામ વર્તમાન અને સંભવિત મતદારોને ફોર્મનું વિતરણ કરી રહ્યા છે. મતદારો આ ફોર્મ ભરીને BLOને રૂબરૂ અથવા ઓનલાઈન માધ્યમથી સબમિટ કરી શકે છે. જેમના ફોર્મ ૨૮ જૂન સુધીમાં રિર્ટનિંગ ઓફિસર પાસે પહોંચશે, તેમને ડ્રાફ્ટ યાદીમાં સ્થાન મળશે. જો કોઈ નાગરિક આ નિયત સમયમર્યાદામાં ફોર્મ સબમિટ ન કરી શકે, તો તેમણે ચિંતા કરવાની જરૂર નથી. તેઓ પાછળથી 'દાવા અને વાંધા'ના સમયગાળા દરમિયાન ફોર્મ-૬ અને ઘોષણા પત્ર (ડેકલેરેશન ફોર્મ) દ્વારા પણ અરજી કરી શકશે. બૂથ લેવલ એજન્ટ્સ (BLA)ની મદદઃ આ સમગ્ર પ્રક્રિયાને ઝડપી બનાવવા માટે ચૂંટણી પંચે રાજકીય પક્ષોના બૂથ લેવલ એજન્ટ્સને પણ અધિકૃત કર્યા છે. આ એજન્ટો જનતા પાસેથી રોજ મહત્તમ ૫૦ ફોર્મ એકત્રિત કરીને BLOને સોંપી શકે છે. વધારાના BLAની નિમણૂકઃ રાષ્ટ્રીય અને રાજ્ય સ્તરે માન્યતા પ્રાપ્ત રાજકીય પક્ષો જરૂરિયાત મુજબ વધુ BLAની નિમણૂક કરી શકે છે. ફોર્મની ઉપલબ્ધતાઃ ડોર-ટુ-ડોર સર્વે દરમિયાન, BLO પાસે ઓછામાં ઓછા ૩૦ ખાલી ફોર્મ-૬ અને ઘોષણા ફોર્મ હોવા અનિવાર્ય કરાયા છે, જેથી નવા મતદારોને તાત્કાલિક ફોર્મ આપી શકાય.

## અમરનાથ યાત્રા માટે અર્ધલશ્કરી દળોની ૬૭૦ કંપનીઓ તૈનાત કરાશે

જમ્મુ, તા.૦૧

કેન્દ્ર સરકારે આ વર્ષની ૫૭ દિવસની પવિત્ર શ્રી અમરનાથ યાત્રા માટે સુરક્ષા વ્યવસ્થાને અભૂતપૂર્વ સ્તરે મજબૂત બનાવવાનો નિર્ણય લીધો છે. કેન્દ્રીય ગૃહ મંત્રાલયે જમ્મુ-કાશ્મીર વહીવટીતંત્ર અને સુરક્ષા એજન્સીઓ સાથેની ચર્ચા બાદ, યાત્રા માટે અર્ધલશ્કરી દળોની ૬૭૦ કંપનીઓ તૈનાત કરવાની મંજૂરી આપી છે, જે અત્યાર સુધીની સૌથી મોટી તૈનાતી છે.

આ વર્ષની યાત્રા ૩ જુલાઈથી શરૂ થઈને ૨૮ ઓગસ્ટના રોજ



પૂર્ણ થશે. સુરક્ષા દળો જમ્મુ-કાશ્મીરના પ્રવેશદ્વાર લખનપુરથી લઈને પવિત્ર ગુફા સુધીના સમગ્ર માર્ગ પર તૈનાત રહેશે.

પહેલગામ અને બાલતાલ બેઝ કેમ્પ, જમ્મુ યાત્રી નિવાસ તેમજ જમ્મુ-શ્રીનગર રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર વિશેષ સુરક્ષા વ્યવસ્થા કરવામાં આવશે. જૂનની શરૂઆતથી જ વધારાના દળોનું આગમન શરૂ થઈ જશે અને ૨૫ જૂન સુધીમાં સંપૂર્ણ તૈનાતી સુનિશ્ચિત કરાશે. આ ઉપરાંત ભારતીય સેના વ્યૂહાત્મક ઊંચાઈઓ સંભાળશે અને સ્થાનિક પોલીસ એકંદર વ્યવસ્થાની દેખરેખ રાખશે.

આ વખતે વંદે ભારત ટ્રેનો દ્વારા શ્રીનગર પહોંચતા યાત્રાળુઓની સુવિધા માટે ઉધમપુર, કટરા અને બનિહાલ સહિતના રેલ્વે રૂટ પર પણ વધારાની દેખરેખ રખાશે. ૧૫ એપ્રિલથી શરૂ થયેલી નોંધણી પ્રક્રિયા અંતર્ગત અત્યાર સુધીમાં સાડા ત્રણ લાખથી વધુ શ્રધ્ધાળુઓ નોંધણી કરાવી ચૂક્યા છે. આ યાત્રા ૨૮ ઓગસ્ટે રક્ષાબંધનના પવિત્ર દિવસે સમાપ્ત થશે.

### ભારત-મ્યાનમાર સંબંધો વધુ મજબૂત બનશે

## પીએમ મોદી અને રાષ્ટ્રપતિ મીન આંગ હેઈંગ વચ્ચે બેઠક યોજાઈ

નવી દિલ્હી, તા.૦૧

વડા પ્રધાન નરેન્દ્ર મોદીના સત્તાવાર આમંત્રણ પર મ્યાનમારના રાષ્ટ્રપતિ યુ મીન આંગ હેઈંગ ૩૦ મેથી ૨ જૂન સુધી ભારતના પ્રવાસે છે. રાષ્ટ્રીય રાજધાનીના હૈદરાબાદ હાઉસ ખાતે બંને નેતાઓ વચ્ચે એક ઉચ્ચ સ્તરીય બેઠક યોજાઈ હતી. રાષ્ટ્રપતિ તરીકે પદભાર સંભાળ્યા પછી યુ મીન આંગ હેઈંગની આ



પ્રથમ ભારત મુલાકાત છે. આ પ્રવાસ દરમિયાન બંને દેશો વચ્ચે દ્વિપક્ષીય સંબંધો અને સહિયારા વિકાસલક્ષી મુદ્દાઓ પર અર્થપૂર્ણ ચર્ચા થઈ હતી. તેમની સાથે કેબિનેટ મંત્રીઓ, વરિષ્ઠ અધિકારીઓ અને અગ્રણી ઉદ્યોગપતિઓનું પ્રતિનિધિમંડળ પણ ભારત આવ્યું છે.

રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અને વિદેશ મંત્રી સાથે બેઠકઃ વડાપ્રધાનને મળતા પહેલાં, રવિવારે રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર (NSA) અજિત ડોભાલે રાષ્ટ્રપતિ હેઈંગ સાથે મુલાકાત કરી હતી. તે પૂર્વે શનિવારે વિદેશ મંત્રી એસ. જયશંકરે પણ તેમની મુલાકાત લઈને બંને દેશો વચ્ચે શાંતિ, પ્રગતિ અને સમૃધ્ધિની ભાગીદારીને આગળ વધારવા અંગે સકારાત્મક ચર્ચા કરી હતી.


મહાબોધિ મંદિરની મુલાકાતઃ નવી દિલ્હી પહોંચતા પહેલાં રાષ્ટ્રપતિ મીન આંગ હેઈંગ બિહારના બોધગયા પહોંચ્યા હતા. જ્યાં વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે તેમનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું. રાષ્ટ્રપતિએ યુનેસ્કોની વર્લ્ડ હેરિટેજ સાઈટ એવા પવિત્ર મહાબોધિ મંદિરની મુલાકાત લઈને દર્શન કર્યા હતા, જે ભારત અને મ્યાનમાર વચ્ચેના સભ્યતા અને આધ્યાત્મિક સંબંધોને દર્શાવે છે. આ મુલાકાત બંને પડોશી દેશો વચ્ચે લાંબા સમયથી ચાલી આવતા આર્થિક અને વ્યૂહાત્મક સહયોગને વધુ ગાઢ બનાવવામાં મહત્વની સાબિત થશે.

## કોમર્શિયલ ગેસ સિલિન્ડરના ભાવમાં રૂ.૪૨નો વધારો

નવી દિલ્હી, તા.૦૧


પહેલી જૂનની વહેલી સવારથી જ સામાન્ય જનતા પર મોંઘવારીનો નવો બોજ ઝીંકાયો છે. ઓઈલ કંપનીઓએ ૧૯ કિલોગ્રામના કોમર્શિયલ ગેસ સિલિન્ડરના ભાવમાં રૂ.૪૨નો વધારો કર્યો છે, જેનાથી દિલ્હીમાં તેની નવી કિંમત રૂ.૩,૧૧૩.૫૦ થઈ ગઈ છે. જ્યારે કોલકાતામાં રૂ.૫૩.૫૦ના વધારા સાથે નવો ભાવ રૂ.૩,૨૫૫.૫૦ થયો છે.

આ ઉપરાંત, ૫ કિલોગ્રામના (ફ્રી ટ્રેડ એલપીજી) સિલિન્ડરના ભાવમાં પણ રૂ.૧૧નો વધારો કરાતા દિલ્હીમાં તેની કિંમત રૂ.૮૨૧.૫૦એ પહોંચી છે. જોકે, રાહતની વાત એ છે કે ઘરેલુ એલપીજી સિલિન્ડરના ભાવમાં કોઈ ફેરફાર કરાયો નથી. મધ્ય પૂર્વમાં ચાલી રહેલા તણાવ વચ્ચે આ ભાવવધારો ઝીંકાયો છે.









ખર્ચાળ સારવાર વિનામૂલ્યે આપવા બદલ દર્દીના પરિવારે હોસ્પિટલ અને ગજેરા ટ્રસ્ટનો આભાર માન્યો

# અમરેલીની શાંતાબા હોસ્પિટલમાં આંતરડાની દુર્લભ બીમારીની સફળ સર્જરી

અમરેલી,તા.૦૧

શાંતાબા જનરલ હોસ્પિટલ, અમરેલી ખાતે ૨૦ વર્ષના યુવાનની આંતરડાની દુર્લભ બીમારી ('Meckel's Diverticulum') ની જટિલ સર્જરી આધુનિક પધ્ધતિથી તદન નિઃશુલ્ક સફળતાપૂર્વક કરવામાં આવી છે. ધારી તાલુકાના ૨૦ વર્ષીય યુવાન ઉદયભાઈ સાકરિયાને પેટમાં અસહ્ય દુખાવાની તકલીફ હોવાથી અમરેલીની શાંતાબા જનરલ હોસ્પિટલ ખાતે ખસેડાયા હતા. સીટી સ્કેન દ્વારા તપાસ કરતા તેમને આંતરડામાં ગંભીર અવરોધ (Acute Intestinal Obstruction) હોવાનું નિદાન થયું હતું, જેનું કારણ 'Meckel's Diverticulum' નામની આશરે ૨% લોકોમાં જ જોવા મળતી દુર્લભ જન્મજાત કોથળી હતી.ડૉક્ટર્સની



ટીમે દર્દીની 'Explroatroy Laparotomy' સર્જરી કરી આંતરડાના અસરગ્રસ્ત ભાગને દૂર કર્યો અને આધુનિક 'Surgical Stapler Technique' થી તેને ફરી જોડ્યો હતો. સર્જરી સફળ રહેતા પાંચમાં દિવસે દર્દીને રજા અપાઈ હતી.ડૉ. નિકુંજ ભેસાણીયા અને ડૉ. ગૌતમ ભરડાની ટીમ દ્વારા આ જટિલ સર્જરી સંપૂર્ણપણે નિઃશુલ્ક કરવામાં આવી હતી.

આવી ખર્ચાળ સારવાર વિનામૂલ્યે આપવા બદલ દર્દીના પરિવારે હોસ્પિટલ અને ગજેરા ટ્રસ્ટનો આભાર માન્યો હતો.

# અમરેલીના ધરમનગર અને આસપાસની સોસાયટીઓમાં ગંદકીથી લોકોમાં રોષ

અમરેલી,તા.૦૧

અમરેલીના લાઠી રોડ પર આવેલા ધરમનગર મેઈન રોડ પર હાલ કચરાના મોટા ગંજ ખડકાયા છે. સ્થાનિક રહીશોના જણાવ્યા અનુસાર આ વિસ્તારમાં લાંબા સમયથી કોઈ સફાઈ કામદારો આવતા નથી. માત્ર ધરમનગર જ નહીં, પરંતુ તેની આજુબાજુ આવેલી માધવનગર, પ્રમુખસ્વામી નગર, નાગનાથ સોસાયટી, શિવમ સોસાયટી, શ્રીજી સોસાયટી અને વલ્લભનગર સોસાયટીમાં પણ સફાઈની પરિસ્થિતિ



અત્યંત દયનીય છે. ચારેય તરફ ગંદકી અને કચરાના ઢગલા થવાને કારણે સ્થાનિકોમાં ભયંકર રોગચાળો ફેલાવાની પૂરેપૂરી ભીતિ સેવાઈ રહી છે. આ બાબતે તંત્ર દ્વારા તાકીદે યોગ્ય પગલાં ભરીને નિયમિત સફાઈ કરાવવામાં આવે તેવી લોકમાંગ પ્રબળ બની છે.

# લીલીયાના ગોઢાવદરના પાટણવાડીયા પરિવારે નેત્રદાન કરી માનવતા મહેકાવી

ગોઢાવદર,તા.૦૧

ગોઢાવદર ગામના ધીરુભાઈ ત્રિકમભાઈ પાટણવાડીયાના ધર્મપત્ની જયાબેન (ઉંમર વર્ષ ૬૨)નું શનિવાર, ૩૦/૦૫/૨૦૨૬ના રોજ અવસાન થયું હતું. આ કપરા સમયે શોકાતુર પરિવારે મનોબળ મજબૂત રાખીને નેત્રદાન કરવાનો ઉમદા નિર્ણય લીધો, જે



માનવતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડે છે.આ અંગે લીલીયા લોક દ્રષ્ટિ ચક્ષુ બેંકના ડૉ. જયંતીભાઈ કુંભાણીને જાણ કરવામાં આવતા, ડૉ. ભાલાળા અને તેમની ટીમ તાત્કાલિક ગોઢાવદર પહોંચીને આદરપૂર્વક નેત્રદાન સ્વીકાર્યું હતું. આ પ્રસંગે દીકરી જાગૃતિબેન, રાજેશભાઈ, સંજયભાઈ અને મનોજભાઈ સહિતના પરિવારજનો તેમજ ગ્રામજનોએ ઉપસ્થિત રહી શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. ભાવેશભાઈ ભાલાળાએ શોકગ્રસ્ત પરિવારને સન્માનપત્ર આપી તેમની સેવાકીય ભાવનાને બિરદાવી હતી.

# ચલાલામાં જલારામ છાશ કેન્દ્ર દ્વારા ઠંડી છાશનું વિતરણ કરાયુ

ચલાલા,તા.૦૧

ચલાલા શહેરમાં ઉનાળાની કાળઝાળ ગરમી અને ૪૫ ડિગ્રી જેટલા આકરા તાપમાન વચ્ચે ગરીબ અને જરૂરિયાતમંદ લોકોને રાહત આપવા માટે એક સરાહનીય પ્રવૃત્તિ કરવામાં આવી હતી. ગત ૩૧ મેના રોજ "જલારામ છાશ કેન્દ્ર" દ્વારા સમગ્ર શહેરમાં ઠંડી છાશનું નિઃશુલ્ક વિતરણ કરવામાં આવ્યું હતું. આ



પુણ્યશાળી સેવાકાર્ય ચલાલાના મૂળ વતની અને હાલ રાજકોટમાં રહેતા જલારામભક્ત અને રઘુવંશી સેવકના આર્થિક સહયોગથી સફળતાપૂર્વક યોજાયું હતું. આ સમગ્ર માનવતાવાદી કાર્યનું સુંદર આયોજન અને સંચાલન સમાજસેવક પ્રકાશભાઈ કારીયા દ્વારા કરવામાં આવ્યું હતું. તેમની ટીમે ચલાલાની વિવિધ ઝૂંપડપટ્ટીઓ તેમજ અન્ય જરૂરિયાતમંદ વિસ્તારોની રૂબરૂ મુલાકાત લીધી હતી. ત્યાં વસતા શ્રમિકો અને ગરીબ લોકોને આ કાળઝાળ ગરમીમાં ઠંડી અને તાજગીભરી છાશ પીવડાવીને તૃપ્ત કર્યા હતા.

# સા.કુંડલા-અમદાવાદ વાયા લીલીયા બસ સેવાનો પ્રારંભ

લીલીયા, તા.૦૧

લીલીયા વિસ્તારના નાગરિકોની લાંબા સમયની રજૂઆતો અને માંગણીઓને ધ્યાને લઈને, સાવરકુંડલા-લીલીયા-અમદાવાદ (કૃષ્ણનગર) નવી એસ.ટી. બસ સેવાનો ૧ જૂનના રોજ વહેલી સવારે ભવ્ય પ્રારંભ કરવામાં આવ્યો છે. ધારાસભ્ય મહેશભાઈ કસવાળા દ્વારા ગુજરાત રાજ્ય માર્ગ પરિવહન નિગમ સમક્ષ આ અંગે રજૂઆત કરવામાં આવી હતી, જેના પરિણામે આ રૂટ મંજૂર થતાં સમગ્ર પંથકના લોકોમાં ભારે ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે.વહેલી સવારે એસ.ટી. બસ લીલીયા મુકામે આવી પહોંચતા, તાલુકા ભાજપના મહામંત્રી ગૌતમભાઈ વિછીયા સહિતના પદાધિકારીઓ, અગ્રણીઓ, સ્થાનિક વેપારીઓ તેમજ મોટી સંખ્યામાં ગ્રામજનોએ એકઠા થઈને બસને લીલી



ઝંડી આપી ઉત્સાહભેર પ્રસ્થાન કરાવ્યું હતું. આ બસ સેવા દરરોજ વહેલી સવારે ૦૬:૦૦ કલાકે સાવરકુંડલાથી ઉપડી વાયા લીલીયા મોટા, દામનગર, ઢસા અને બોટાદ થઈને અમદાવાદ પહોંચશે, જ્યારે પરત ફરતી વખતે કૃષ્ણનગરથી બપોરે ૦૨:૦૦ કલાકે રવાના થઈને રાત્રે ૦૯:૩૫ મિનિટે સાવરકુંડલા પરત ફરશે. આ બસ શરૂ થવાથી રોજગારી, શિક્ષણ, ડાયમંડના વ્યવસાય અને આરોગ્યના કામ અર્થે અમદાવાદ જતા લોકોને સીધી, સસ્તી અને સુરક્ષિત પરિવહન સુવિધા મળી રહેશે.

# રાજુલાની બાલકૃષ્ણ વિદ્યાપીઠ ખાતે ડો. અંકિતા મુલાણીનું વક્તવ્ય યોજાયું

રાજુલા,તા.૦૧

રાજુલાની બાલકૃષ્ણ વિદ્યાપીઠ ખાતે ગુજરાતના અગ્રણી મોટિવેશનલ સ્પીકર ડૉ. અંકિતા મુલાણીનું 'શિક્ષણ સાથે મૂલ્યોનું વાવેતર' વિષય પર વક્તવ્ય યોજાયું હતું. નારાયણી સેના યુવા ગ્રુપ અને આહિર એજ્યુ સમિતિ દ્વારા આયોજિત આ કાર્યક્રમનો પ્રારંભ પૂજ્ય રાજેન્દ્રદાસ બાપુ અને મહંત બીજલ ભગતના હસ્તે દીપ પ્રાગટ્યથી થયો હતો.

આ પ્રસંગે જે. બી. લાખણોત્રા, ભગવાનભાઈ લાખણોત્રા અને દુલાભાઈ રામ તરફથી આર્થિક અનુદાન મળ્યું હતું, જ્યારે કે.જી. સ્ટુડિયો દ્વારા લાઈવ ટેલિકાસ્ટની વ્યવસ્થા કરવામાં આવી હતી.ડૉ. અંકિતા મુલાણીએ વિદ્યાર્થીઓ, વાલીઓ અને નગરજનોને પ્રેરણા આપતા જણાવ્યું કે, વર્તમાન સમયમાં શિક્ષણની સાથે જીવનમૂલ્યો અત્યંત અનિવાર્ય છે.









::: જાહેર નોટીસ :::

-// એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, કોડીનાર //-

અરજી નં.155/2026
જન્મ તારીખ : 01/06/1984

શ્રી રાણીબેન જેસાભાઈ સોલંકી,
રહે.બરડા, ગામ-બરડા, તાલુકો-કોડીનાર,
જિલ્લો-ગીર સોમનાથ ...........અરજદાર

**વિરૂધ્ધ**

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી - કમ - મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત, બરડા, તા. કોડીનાર,
જિલ્લો-ગીરસોમનાથ .........સામાવાળા

**બાબત : જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી રાણીબેન જેસાભાઈ સોલંકી, રહે.બરડા, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ વાળાએ જન્મ મરણ નોંધણી કાયદો-૧૯૬૯ની કલમ-૧૩(૩) તળેની અરજીથી જેસાભાઈ દેગણભાઈ સોલંકી તથા રૂડીબેન જેસાભાઈ સોલંકી ના પુત્રી રાણીબેન જેસાભાઈ સોલંકીનો જન્મ તારીખ.01/06/1984ના રોજ કોડીનાર તાલુકાના બરડા મુકામે થયેલ છે,જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રે રજુ કરેલ છે.

આ અરજી મુજબ સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા.૦૧/૦૬/૨૦૨૬નાં રોજ કોર્ટનો સહી સક્કો કરી આપ્યો.

**હુકમથી**
**સહી**
**(એચ.કે.ભાસ્કર)**
**એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**કોડીનાર**






## ટીંબલા ગ્રામ પંચાયત મુ. ટીંબલા તા.જિ.અમરેલી

**જાહેરનામું - જાહેર હરરાજી**

આથી ટીંબલા ગામના રહેવાસીઓને (પ્રજાજનોને) જાણ કરવામાં આવે છે કે, શ્રી તાલુકા વિકાસ અધિકારી સાહેબ મુ.અમરેલીના કાર્યાલય આદેશ નં.તાપં/પંચ/હરરાજી/વશી/૦૫/૨૦૨૬અગાવના વર્ષમાં ગ્રામપંચાયતની બેઠક અન્વયે ટીંબલા ગામે આવેલ જર્જરીત ગ્રામ પંચાયત કચેરી પાડવા માટે લેવાયેલ નિર્ણય અનુસાર આ જર્જરીત ગ્રામ પંચાયત કચેરીમાંથી નીકળનાર માલ-સામાનનો જાહેર હરરાજીથી નિકાલ કરવાનો થાય છે. આથી આ જર્જરીત ગ્રામ પંચાયત કચેરીમાંથી માલ-સામાનની જાહેર હરરાજીમાં રસ ધરાવતા પ્રજાજનોએ તારીખ :- ૧૦/૦૬/૨૦૨૬ વારઃબુધવારના રોજ સવારે ૧૧:૦૦ વાગ્યે ટીંબલા ખાતે જાહેર હરરાજી રાખવામાં આવેલ છે. જેથી રસ ધરાવતા આસામીઓએ હાજર રહેવા વિનંતી છે. અને જાહેર હરરાજીની શરતો નીચે પ્રમાણે છે જેની ખાસ નોંધ લેવી.

--:: શરતો ::--

(૧) જર્જરીત ગ્રામ પંચાયત કચેરીમાંથી નીકળનાર માલ-સામાનની અપસેટ પ્રાઈઝ રૂ.૫૦૦૦/- અંકે રૂપિયા પાંચ હજાર પુરા નક્કી થયેલ છે.આ રકમ ઉપર બોલી બોલવાની રહેશે. જેની બોલી વધુ હશે તેને માન્ય રાખવામાં આવશે.
(૨) જાહેરહરરાજીમાભાગલેવામાટેડિપોઝીટપેટેનીરકમરૂ.૧૫૦૦/-અંકેરૂપિયાપંદરસો પુરા હરરાજી શરૂ થયા પહેલા તલાટી-કમ-મંત્રી ટીંબલા પાસે ભરવાની રહેશે. ડિપોઝીટ ભરેલ આસામીઓ જ હરાજીમાં ભાગ લઈ શકસે.
(૩) હરાજીમાં ઉંચી બોલીથી રાખેલ માલ-સામાનની કિંમત આસામીએ દિન ૦૨માં ભરી આપવાની રહેશે. અને ત્યાર બાદ દિનઃ- ૦૭માં હરરાજીમાં રાખેલ માલ-સામાન સ્થળ પરથી ઉપાડી જગ્યા ખુલ્લી કરી ચોખ્ખું મેદાન કરીને ગ્રામ પંચાયત-ટીંબલા ને સુપ્રત કરવાની રહેશે.
(૪) હરરાજીમાં રાખેલ માલ-સામાન પોતાના ખર્ચે ઉપાડવાનો રહેશે.
(૫) હરરાજીમાં ભાગ લેનાર આસામી હરરાજી મંજુર થયા બાદ ફરી જશે તો તેની ડિપોઝીટની રકમ ખાલસા કરવામાં આવશે. અને તેના અગાઉની બોલીથી ઉપરની રકમ ઉપર જશે તો પહેલા રાખનાર આસામીને પરત કરવામાં આવશે નહી. અને ઓછી રકમ ઉપજશે તો ખુટતી રકમ અગાઉ રાખનાર આસામી પાસેથી વસુલ લેવામાં આવશે.
(૬) છેલ્લી માંગણી ગ્રાહ્ય રાખવી કે નહી તે સરપંચશ્રી –ટીંબલાને અબાધિત રહેશે.
(૭) જર્જરીત ગ્રામ પંચાયત કચેરીના ડીમોલેશન વખતે કોઈ પણ ઘટના કે આકસ્મિક બનાવ બને તો તેની સંપુર્ણ જવાબદારી હરરાજી રાખનારની રહેશે.

## ::: દસ્તાવેજ કરતા પુર્વની જાહેર નોટીસ :::

આથી અમો નીચે સહી કરનાર-પલસાણા લાભુભાઈ મોહનભાઈ રહે.બરવાળા,તા.બાબરા. જિ. અમરેલી એ લાગતા વળગતા સર્વેને આ જાહેર નોટીસથી જાણ તાકીદ કરવામાં આવે છે અમારી આ જમીન વેચાણથી આપવાનુ નક્કી કરેલ છે.જેની આ જાહેર નોટીસ આપી જણાવુ છુ અમરેલી ડીસ્ટ્રીકટ તાલુકો બાબરા ના મોજે ગામ બરવાળા ખાતા નં.૨૩૭ જેના સર્વે નં.૬૦/૧ પૈ.૨, જેના હે.આરે.ચોમી.૧-૮૮-૧૮ જેના હાલના માલીક પલસાણા લાભુભાઈ મોહનભાઈ જે જુની શરતની જમીન અમો જમીન માલીક કબ્જેદાર અને ધારણકર્તા એટલે કે અમે વેચાણ આપનારાઓ છીએ મજકુર મીલ્કતા ટાઈટલ સંપુર્ણ ચોખ્ખા,કલીયર માર્કેટેબલ હોવાનુ જણાવીને તેમજ મજકુર મિલ્કતમાં અમો સીવાય અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો હકક-હીત હિસ્સો લાગભાગ ચાલી આવેલ નથી તેવુ જણાવીને અમો પોતે જમીન માલીકે વેચાણ આપવા માટે નકકી કરેલ છે જેથી સદરહુ મિલ્કતમાં જો કોઈનો વાંધો,વિરોધ કે હકક-હિત સંબંધ લાગભાગ દર દાવો કે ઈઝમેન્ટ તથા અન્ય કોઈપણ રીતે હકક-હિસ્સો હોય અથવા તો કોઈ બેન્ક કે સંસ્થાનુ લેણુ હોય અગર તો તબદીલી અંગેના કોઈપણ લખાણો હોય તો અમોને નીચેના સરનામે દિન-૭ માં પુરાવા સહિત લેખીત જાણ કરવી.જો તેમ કરવામાં કસુર થશે તો આ નોટીસની મુદત વિત્યે સદર મિલ્કતમાં કોઈ વ્યકતી કે સંસ્થાનો કોઈપણ પ્રકારનો હકક-હીત,હિસ્સો કે લેણુ નથી અને હોય તો જતો કરેલ છે ત્યારબાદ જો અમો વેચાણ દસ્તાવેજ કરી આપીશુ ત્યાર પછી કોઈપણ વ્યકતી કે સંસ્થાની કોઈપણ જાતની તકરાર, વાંધો વિરોધ ચાલશે નહી અને તેવા ઈસમોને કોઈપણ જાતના હકકો પ્રાપ્ત થશે નહી જેની જાહેર જનતાએ નોધ લેવી.

લી. આપનો વિશ્વાસુ
અક્ષયભાઈ પરશોભાઈ વાવલીયા
રહે.ગળકોટડી,તા.બાબરા.
મો.નં.૮૨૦૦૫૫૯૨૨૯
હસમુખભાઈ
મો.નં.૯૯૨૪૫ ૬૩૮૩૭
ભુપતભાઈ
મો.નં.૯૯૭૪૨ ૩૭૮૩૫

## કર્મચારીઓની મનમાની સામે એસ.ટી.અધિકારીઓ ઝુકયાં?

# ધારી-ફતેપુરા વાયા બગસરા બસ બંધ કરી દેવાતા રોષ

**કર્મચારીઓને સાચવવા માટે મુસાફરોનો ભોગ લેવાયો?**

બગસરા,તા.૦૧

ધારી ડેપો દ્વારા સંચાલિત ધારી-ફતેપુરા વાયા બગસરા બસ કર્મચારીઓની માંગણી મુજબ બંધ કરી વાયા ચલાલા કરી નાખવામાં આવતા મુસાફરોમાં આક્રોશ જોવા મળી રહ્યો છે. આ બસમાં અમરેલી અપડાઉન કરતા મુસાફરોને પણ ભારે હાલાકીનો સામનો કરવો પડતો હોવાથી એસ.ટી.અધિકારીઓની નબળાઈ સામે આવી છે. જાણવા મળતી માહિતી મુજબ વર્ષોથી ચાલતી ધારી-ફતેપુરા વાયા બગસરા બંધ કોઈપણ જાણ કર્યા વગર ટ્રાફિકનું બહાનુ આગળ ધરી રાતોરાત બંધ કરી દેવામાં આવી હતી. ધારી બસના કર્મચારીઓએ આક્ષેપ કર્યો હતો કે બગસરા ડેપોમાંથી ધારી-ફતેપુરા બસ ખાલી હોવા છતાં આ બસમાં રીઝર્વેશન કરવાને બદલે બગસરા ડેપોની બગસરા-ફતેપુરામાં જ બસનું રીઝર્વેશન કરવામાં આવતુ હતુ. જેથી આ બસ ખાલી દોડતી હતી તો જો ધારી-ફતેપુરા બસમાં રીઝર્વેશન કરવામાં આવતુ ન હોય તો ડેપો મેનેજરને શા માટે ફરિયાદ કરવામાં ન આવી તેવો સવાલ ઉઠવા પામ્યો છે. જો કે ધારી ડેપોના કર્મચારીઓને સાચવવા માટે જ વાયા બગસરા બંધ કરવામાં આવી હોવાનું ચર્ચાઈ રહ્યુ છે. ધારી-ફતેપુરા બસમાં ડાંગાવદર, હામાપુર,બગસરા સહિતના ગામોમાંથી મુસાફરોનો ટ્રાફિક મળતો હતો. પરંતુ કર્મચારીઓની મનમાની સામે એસ.ટી.અધિકારીઓને ઝુકવાની ફરજ પડી હતી. બપોરે ૧૨:૩૦ વાગ્યે અમરેલી જાવાની બસ નિકળી ગયા બાદ છેક બે વાગ્યાની વિસાવદર-ફતેપુરા બસ અમરેલી જવાની મળે છે. જેમાં અમરેલી જવા માટેના મુસાફરોને જગ્યા પણ મળતી ન હોવાની ફરિયાદ ઉઠવા પામી છે. ધારી-ફતેપુરા વાયા બગસરા બસની સુવિધા છીનવાઈ જતા પેસેન્જર એસોશિયેશને પણ પોતાનો રોષ વ્યકત કર્યો છે. જો આગામી સમયમાં મુસાફરોના હિતમાં ફરી ચાલુ કરવામાં નહી આવે તો મુસાફરો દ્વારા વાહનવ્યવહાર મંત્રી, સાંસદ, ધારાસભ્ય સહિતને ઉગ્ર રજૂઆત કરી આંદોલનની ચિમકી ઉચ્ચારી છે.

### શહેર ભાજપ પ્રમુખે રોષ વ્યક્ત કર્યો

ધારી-ફતેપુરા વાયા બગસરા બસ બંધ કરી દેવામાં આવતા શહેર ભાજપ પ્રમુખ ઘનશ્યામ સાદરાણીએ પણ રોષ વ્યક્ત કરીને જણાવ્યું હતું કે, એસ.ટી.અધિકારીઓએ મુસાફરોના હિતમાં નિર્ણય લેવાને બદલે મનસ્વી રીતે બસ બંધ કરી દેવામાં આવી છે. જો મુસાફરોના હિતમાં બસ ફરી ચાલુ કરવામાં નહી આવે તો મુખ્યમંત્રી સહિતનાઓએ રજૂઆત કરવામાં આવશે


### સાંસદે પણ વિભાગીય નિયામકને રજૂઆત કરી

ધારી-ફતેપુરા વાયા બગસરા બસ બંધ કરી દેવામાં આવતા પરપ્રાંતિયો અને મુસાફરોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. આ બસ રાતોરાત બંધ કરી દેવામાં આવતા રોજિંદા મુસાફરો રઝળી પડ્યા છે. જેથી સાંસદ ભરત સુતરીયાએ પણ આ ગંભીર પ્રશ્નને લઈ વિભાગીય નિયામક ભાવેશ પટેલને રજૂઆત કરી હોવાનુ જાણવા મળ્યુ છે. ત્યારે સાંસદની રજૂઆતની કેવી અસર પડે છે તે જોવાનુ રહ્યુ.

# ચલાલાના સન્યાસ આશ્રમમાં અધિક માસ નિમિત્તે ધાર્મિક કાર્યક્રમોનું આયોજન

ચલાલા,તા.૦૧

ચલાલાના મહાદેવપરાસ્થિત સન્યાસ આશ્રમ ખાતે પવિત્ર અધિક માસ નિમિત્તે ભક્તિમય વાતાવરણ વચ્ચે વિવિધ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. રસીલાબેન મુકેશભાઈ વ્યાસ તથા દીપ્તિબેન મુકેશભાઈ વ્યાસ દ્વારા દરરોજ સવારે પુરુષોત્તમ ભગવાનની વિધિવત પૂજા-પૂજન, આરાધના અને વાર્તાનું વાચન કરવામાં આવે છે. સાંજે ૫:૦૦ થી ૬:૦૦ કલાક દરમિયાન પુરુષોત્તમ મહાત્મ્યના અધ્યાયોના પાઠ તથા તેના ધાર્મિક મહત્વનું વિસ્તૃત વર્ણન કરવામાં આવે છે. બંને સમયના આ ધાર્મિક કાર્યક્રમોમાં મોટી સંખ્યામાં બહેનો ઉપસ્થિત રહે છે. અત્રે ઉલ્લેખનીય છે કે, હિન્દુ પંચાંગ મુજબ ચંદ્રવર્ષ અને સૂર્યવર્ષ વચ્ચે



દર વર્ષે થોડો સમયગાળો વધતો જાય છે. આ તફાવતને સંતુલિત કરવા માટે અંદાજે દર ત્રણ વર્ષે એક વધારાનો માસ ઉમેરવામાં આવે છે, જેને અધિકમાસ અથવા પુરુષોત્તમ માસ તરીકે ઓળખવામાં આવે છે. સામાન્ય રીતે લગભગ ત્રણ વર્ષે એક વખત આવતો આ પવિત્ર માસ અત્યંત શુભ અને પુણ્યપ્રદ માનવામાં આવે છે. શાસ્ત્રોમાં જણાવ્યા મુજબ આ માસ દરમિયાન કરવામાં આવતી ભક્તિ, જપ, તપ, દાન, વ્રત, કથા-શ્રવણ અને ભગવાનના નામસ્મરણનું અનેકગણું ફળ પ્રાપ્ત થાય છે.

# જે.વી.કાકડીયાના પ્રયાસોથી ચલાલામાં સર્વાંગી વિકાસ માટે રૂા. ૬૪ કરોડ મંજૂર

ચલાલા,તા.૦૧

ચલાલા શહેરમાં આરોગ્ય, રસ્તા અને શિક્ષણ સુવિધાઓના સર્વાંગી વિકાસ માટે અંદાજે ૬૪ કરોડ રૂપિયાથી વધુની માતબર ગ્રાન્ટ મંજૂર કરવામાં આવી છે. સ્થાનિક ધારાસભ્ય જે.વી. કાકડીયાના અથાક પ્રયાસોના પરિણામે આ ભંડોળ ચલાલાના નાગરિકોના હિતાર્થે ફાળવાયું છે. આ ભંડોળ અંતર્ગત કેરીયાચાડ અને અમરેલી રોડ (રિલાયન્સ પેટ્રોલ પંપથી ખાંભા રોડ ગેટ સુધી) ના સર્વેનું કાર્ય પૂર્ણ થઈ ગયું છે, જેનાથી શહેરીજનોની પરિવહન સુવિધા સુધરશે. આરોગ્ય ક્ષેત્રે સામુહિક આરોગ્ય કેન્દ્રના બિલ્ડિંગ માટે સાત કરોડ રૂપિયા મંજૂર કરાયા છે. ચલાલા તાલુકા મથક હોવાથી અને આસપાસના ગ્રામ્ય વિસ્તારોની માંગણીને ધ્યાનમાં રાખીને




હોસ્પિટલને ૭૦ બેડની બનાવવા માટે પ્રક્રિયામાં સુધારો કરાયો છે, જેથી ભવિષ્યમાં લોકોને વધુ ગુણવત્તાયુક્ત સુવિધા મળશે. શિક્ષણ ક્ષેત્રે પણ ચલાલા શહેરની તમામ પ્રાથમિક શાળાઓના નવીનીકરણ માટે કરોડો રૂપિયા ફાળવીને તેમને અત્યાધુનિક બનાવવામાં આવી છે. આ ઉપરાંત, ધારાસભ્યના સતત પ્રયાસોથી ચલાલાને નવી સરકારી માધ્યમિક શાળા મંજૂર થતાં સ્થાનિક અને ગ્રામ્ય વિસ્તારના હજારો વિદ્યાર્થીઓ માટે શિક્ષણની નવી તકો ખુલશે.

# બાબરાના કલોરાણા ગામે જનક તળાવીયાના જન્મદિનની ઉજવણી

બાબરા,તા.૦૧

લાઠી-બાબરાના ધારાસભ્ય જનક તળાવિયાના જન્મદિવસની પૂર્વ સંધ્યાએ બાબરા તાલુકાના કલોરાણા ગામે એક વિશેષ સેવાકીય કાર્યક્રમનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. બાબરા તાલુકા ભાજપ પ્રમુખ હિતેશ કલકાણી, તાલુકા ભાજપના પદાધિકારીઓ અને ઉત્સાહી કાર્યકરો દ્વારા સંયુક્ત ઉપક્રમે આ પ્રેરણાદાયી ઉજવણી કરવામાં આવી હતી. આ અવસરે ગામના નાના બાળકો માટે બટુક ભોજનનું આયોજન કરાયું હતું. સાથોસાથ બાળકોના શૈક્ષણિક વિકાસને પ્રોત્સાહન આપવા માટે ઉપયોગી ચોપડાઓનું વિનામૂલ્યે વિતરણ પણ કરવામાં આવ્યું



હતું.ધારાસભ્યના જન્મદિવસને ભપકા વગર માત્ર માનવ સેવા અને સામાજિક પ્રવૃત્તિ સાથે જોડવાના ઉદ્દેશથી યોજાયેલા આ કાર્યક્રમમાં કલોરાણા ગામના અગ્રણીઓ, મોટી સંખ્યામાં બાળકો, ગ્રામજનો અને ભાજપના કાર્યકરો હાજર રહ્યા હતા. તાલુકા ભાજપ પ્રમુખ હિતેશ કલકાણીએ આ અંગે વિગતો આપતા જણાવ્યું હતું કે, ધારાસભ્યના જન્મદિન નિમિત્તે સમાજમાં શિક્ષણ પ્રત્યે સાચી જાગૃતિ વધે અને જરૂરિયાતમંદ બાળકોને સમયસર શૈક્ષણિક સહાય મળી રહે તે જ આ ભગીરથ આયોજનનો મુખ્ય હેતુ છે.

# અમરેલીમાં વિધવા અને વૃધ્ધ સહાય યોજનાના લાભાર્થીઓ માટે વિશેષ કેમ્પ

અમરેલી,તા.૦૧

રાજ્ય સરકારની વિધવા સહાય અને વૃધ્ધ સહાય યોજનાના તમામ લાભાર્થીઓ માટે હયાતીની ખરાઈ કરાવવી ખૂબ જ આવશ્યક છે. લાભાર્થીઓની સુવિધા માટે અમરેલી શહેરમાં આગામી તા. ૦૩ થી ૦૫ જૂન દરમિયાન ખાસ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ કેમ્પમાં દરેક લાભાર્થીએ પોતાના ઓળખપત્ર સાથે ઉપસ્થિત રહેવાનું રહેશે. તા. ૦૩ જૂનના રોજ કુંકાવાવ રોડ પર બુરહાની સ્ટીલ સામે આવેલા જનસેવા કેન્દ્ર ખાતે આ પ્રક્રિયા હાથ ધરાશે. ત્યારબાદ તા. ૦૪ જૂનના રોજ જેસીંગપરાના સીવિક સેન્ટર ખાતે અને તા. ૦૫ જૂનના રોજ ચાંદની ચોક સ્થિત સદ્ભાવના ગૃપની ઓફિસ ખાતે કેમ્પ યોજાશે. આ તમામ સ્થળોએ કેમ્પનો સમય સવારે ૮.૦૦ થી ૧૦.૦૦ વાગ્યા સુધી અને સાંજે ૫.૦૦ થી ૭.૦૦ વાગ્યા સુધીનો રાખવામાં આવ્યો છે. અમરેલી શહેરના મામલતદારશ્રી દ્વારા યાદીમાં જણાવ્યા અનુસાર યોજનાનો લાભ ચાલુ રાખવા માટે તમામ સબંધિત લાભાર્થીઓને આ કેમ્પનો અચૂક લાભ લેવા અનુરોધ કરવામાં આવ્યો છે.

## અવસાન નોંધ

**અમરેલી**

દાઉદી વ્હોરા ગુલશનબેન (ઉ.વ.૬૫) તે મહંમદઅલીભાઈ મેંદરડાવાળાના સુપુત્રી શબ્બીરભાઈ અલીભાઈ પોરબંદરવાળાના પત્ની અલીભાઈ, ઝૈનબબેન (સાવરકુંડલા) સકીનાબેન (પાલિતાણા) ના માતા મ. સજ્જાદભાઈના બહેન તા.૩૧ મે ૨૦૨૬ને રવિવારના રોજ અમરેલી મુકામે વફાત પામેલ છે મર્હુમાની જીયારત (કુરાનખ્વાની) તા.૩ જુન ૨૦૨૬ને મંગળવારના રોજ બપોરે ૧૨ કલાકે તારવાડી પાસે ઈશા મસ્જિદ અમરેલી ખાતે રાખવામાં આવેલ છે.

## -// એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, કોડીનાર //-

જન્મ-મરણ કેસ નં.127/2026

પ્રતિ,
શ્રી જાલમભાઈ કાનાભાઈ ગોહિલ,
રહે.સાંઢણીધાર, ગામ-સાંઢણીધાર, તાલુકો-કોડીનાર,
જિલ્લો-ગીર સોમનાથ .............અરજદાર

**વિરૂધ્ધ**

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી કમ મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત સાંઢણીધાર, તા. કોડીનાર,
જિલ્લો-ગીરસોમનાથ ..........સામાવાળા

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, કોડીનાર તાલુકાના સાંઢણીધાર ગામના રહીશ જાલમભાઈ કાનાભાઈ ગોહિલ તથા રતુબેન જાલમભાઈ ગોહિલના પુત્ર વિપુલભાઈ જાલમભાઈ ગોહિલનો જન્મ તારીખ. 02/04/2000 ના રોજ કોડીનાર તાલુકાના સાંઢણીધાર ગામ ખાતે થયેલ છે. જેની જન્મ નોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ ગ્રામ પંચાયત સાંઢણીધાર, તાલુકો-કોડીનાર સને 2000 ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા. ......../03/2026ના રોજ ૧૫:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજે તા.30/03/2026ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

હુકમથી
સહી
(એચ.કે.ભાસ્કર)
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
કોડીનાર

## -// એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, કોડીનાર //-

જન્મ-મરણ કેસ નં.126/2026

પ્રતિ,
શ્રી જયેશભાઈ અરવિંદભાઈ તન્ના,
રહે.ખાંભા, ગામ-ખાંભા, તાલુકો-ખાંભા,
જિલ્લો-અમરેલી .............અરજદાર

**વિરૂધ્ધ**

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી કમ મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત શેઢાયા, તા. કોડીનાર,
જિલ્લો-ગીરસોમનાથ ..........સામાવાળા

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ખાંભા તાલુકાના ખાંભા ગામના રહીશ અરવિંદભાઈ જેરામભાઈ તન્ના તથા તારાબેન અરવિંદભાઈ તન્નાના પુત્ર મયુરકુમાર અરવિંદભાઈ તન્નાનો જન્મ તારીખ. 08/05/1987 ના રોજ કોડીનાર તાલુકાના શેઢાયા ગામ ખાતે થયેલ છે. જેની જન્મ નોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ ગ્રામ પંચાયત શેઢાયા, તાલુકો-કોડીનાર સને 1987 ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા. ......../03/2026ના રોજ ૧૫:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજે તા.30/03/2026ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

હુકમથી
સહી
(એચ.કે.ભાસ્કર)
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
કોડીનાર


શું તમને સાંભળવાની તકલીફ છે ?



નિષ્ણાંત ઓડીયોલોજીસ્ટ દ્વારા બહેરાશની તપાસ
બહેરાશ પ્રમાણે કાનના મશીન ઉપલબ્ધ : વોટરપ્રુફ
રિચાર્જેબલ | બ્લુટૂથ ટેકનોલોજી | AI ટેકનોલોજી
બેસ્ટ સાઉન્ડ કવોલિટી | વ્યાજબી કિંમત



કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન
અવતાર
સ્પીચ અને હિયરીંગ ક્લિનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, અમરેલી. મો. 72650 63363



BLUE BUDDHA
CLEARANCE SALE
T-SHIRTS @ ₹399
POLOS @ ₹499
SHIRTS @ ₹699
TROUSERS @ ₹699
DENIMS @ ₹799
Visit our shop today to avail Amazing Offer
SHOP NO. 30, NEW S.T. BUS STATION, AMRELI. (M) 74338 05806
મનિષ વાકોતર
વી.ડી. રાણપરીયા
www.bluebuddha.co.in
નોંધ : અમરેલીમાં અમારી બીજી કોઈ બ્રાંચ નથી.

સૌરાષ્ટ્ર ગુજરાતનું નામાંકિત ગર્લ્સ સંકુલ
વ્યાજબી ફી - સારૂ શિક્ષણ ઉચ્ચ પરિણામ
ડેઈલી ટેસ્ટ - રીપીટેડલી ટ્રાઈમંથલી Exam
KG થી ૧૨ ICSE GSEB ઇંગ્લીશ મિડીયમ - કોમર્સ સાયંસ
KG થી ૧૨ ગુજરાતી મિડીયમ આર્ટસ કોમર્સ સાયંસ
સુવ્યસ્થિત સ્કૂલ એક્ટીવીટી
હોસ્ટેલ ભોજનાલય મેડીકલ સારી વ્યવસ્થા
શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત સંચાલિત
શ્રી લેઉવા પટેલ ટ્રસ્ટ સ્કૂલ કોલેજ હોસ્ટેલ
સ્થળઃ-શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ(ગર્લ્સ), ચક્કરગઢ રોડ, અમરેલી-Ad 087



અમારે ત્યાંથી સ્ટાન્ડર્ડ કંપનીના ટાયર-ટ્યુબ - ઓઈલ-ગ્રીસ
વ્હીલ - પ્લેટ - ધરા - જેક - પાના-પકડ - વગેરે હોલસેલ - રીટેઈલ મળશે.
ફોરવ્હીલ કાર માટે 3D-એલાઈમેન્ટ - ડીઝીટલ હાઈસ્પીડ બેલેન્સીંગ,
ટાયર ફીટીંગ - નાઈટ્રોજન એર - એક જ જગ્યાએ તમામ સર્વીસ ઉપલબ્ધ
સંજય ટાયર્સ
બસ સ્ટેશન રોડ, અજમેરા સ્કૂલ સામે, અમરેલી.
લાઠી બાયપાસ રોડ, સફારી પાર્ક, ટોયોટા શો-રૂમ પાસે, અમરેલી.

ડ્રીમ ફેમિલી સ્પાની ધમાકા ઓફર
Dream Family spa
Ladies & Gents
ડ્રીમ ફેમેલી સ્પા



ભાઈઓ માટે Rs.1399/-માં પ્રિમીયમ મસાજ
એક સાથે એક ફ્રી (એક જમા રહેશે) ૪૫ મિનીટ
બહેનો માટે Rs.699/-માં પ્રિમીયમ મસાજ
કપલ માટે Rs.1399/-માં પ્રિમીયમ મસાજ
Appointment Now Mo.8160832025
ADRESS : સાવર કુંડલા ચોકડી, રીંગ રોડ, RTO office ની બજુમા અમરેલી - 365601

# અમરેલીમાં ચક્કરગઢ રોડ અને બાયપાસ પાસેની ત્રણ વાડીઓમાંથી કોપર વાયર અને પંખાની ચોરી

અમરેલી, તા.૦૧

અમરેલી શહેર અને આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં વાડીઓને નિશાન બનાવતી તસ્કર ટોળકી સક્રિય થઈ હોય તેમચોરીના ત્રણ અલગ-અલગ બનાવો સામે આવ્યા છે. તસ્કરોએ ચક્કરગઢ રોડ અને બાયપાસ ચોકડી નજીક આવેલી વાડીઓમાંથી સબમર્શિયલ મોટરના કિંમતી કોપર વાયર અને પંખા મળી કુલ રૂ. ૬૨,૮૦૦ ના મુદામાલની ચોરી કરી પોલીસને પડકાર ફેંક્યો હતો.

ચોરીનો પહેલો બનાવ ચક્કરગઢ રોડ પર પાણાખાણ વિસ્તારમાં રાધેશ્યામ મિલની પાછળ આવેલી વાડીમાં બન્યો હતો. જ્યાં ગત તા. ૩૦/૦૫ના રોજ સાંજે સાડા પાંચથી તા. ૩૧/૦૫ના સવારના ગાળામાં કોઈ અજાણ્યો ચોર ઈસમ વાડીમાં ગેરકાયદેસર રીતે પ્રવેશ્યો હતો. તસ્કરે બોર (દાર)ની બહાર રાખેલો આશરે ૨૮૦ ફૂટ લાંબો કોપર વાયર, જેની કિંમત રૂ. ૨૮,૦૦૦ થાય છે, તેની ચોરી કરી નાસી છૂટ્યો હતો.

આ જ વિસ્તારમાં ચક્કરગઢ રોડ, પાણાખાણવાળા રસ્તે આવેલી અન્ય એક વાડીઓને પણ તસ્કરોએ એ જ રાત્રિ દરમિયાન નિશાન બનાવી હતી. ત્યાંથી સબમર્શિયલ મોટર સાથે જોડેલો કુલ ૧૯૫ ફૂટ કોપર વાયર (કિંમત રૂ. ૧૯,૫૦૦) ચોરી ગયા હોવાની ફરિયાદ નોંધાઈ હતી. જ્યારે ચોરીનો ત્રીજો બનાવ તા. ૨૦/૦૫ના રોજ બપોરના સમયે અમરેલી બાયપાસ ચોકડી પાસે મહિન્દ્રા ટ્રેક્ટરના શો-રૂમની સામે આવેલી વાડીમાં બન્યો હતો. ત્યાંથી તસ્કરો રૂ. ૧૨,૦૦૦ની કિંમતનો ૨૫૦ ફૂટ ફોર એમ.એમ.નો કોપર વાયર તથા ૪૦૦ ફૂટ કેબલ વાયરનું જૂનું બંડલ ચોરી ગયા હતા. આ ઉપરાંત વાડીમાંથી બંધ હાલતના ૩ સીલિંગ ફેન અને ૫ એક્ઝિટ ફેન મળી કુલ રૂ. ૧૫,૩૦૦ના માલમત્તાની ચોરી થઈ હતી. ખેડૂતોની ફરિયાદના આધારે અમરેલી પોલીસે અજાણ્યા ચોર ઈસમો વિરુધ્ધ ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી હતી.



## અમરેલી સીટી પોલીસે કેબલ ચોરીના ત્રણ આરોપીઓને ઝડપી પાડ્યા

અમરેલી સીટી પોલીસ સ્ટેશન વિસ્તારમાં અલગ-અલગ વીસેક વાડી-ખેતરમાંથી મોટરના કોપર વાયરની ચોરી કરતા શખ્સોને ઝડપી પાડવામાં સફળતા મળી છે. પોલીસે ત્રણ આરોપીઓને રૂ.૬૯૪૭૦ના મુદ્દામાલ સાથે ઝડપી પાડી અણઉકેલ ગૂનાનો ભેદ ઉકેલ્યો છે. પોલીસે બળદેવભાઈ ભગાભાઈ સોલંકી, રાહુલ રમેશ સોલંકી, અને ચિરાગ કરમશી પરમાર ત્રણેય રહે. રોકડીયા પરા અમરેલીવાળા હોવાનું ખુલવા પામ્યુ છે. પોલીસે તેમની પાસેથી કોપર વાયર ભરેલ પ્લાસ્ટીકના બાચકા નં.૦૩, એક લાકડાનો હાથાવાળો કુહાડો, એક છરી અને મોબાઈલ ફોન જપ્ત કરવામાં આવ્યો હતો.

---

# ખાંભાના રૂગનાથપુર (ખોડી) ગામેથી ૫ જુગારી ઝડપાયા

ખાંભા, તા. ૦૧

ખાંભાના રૂગનાથપુર (ખોડી) ગામેથી પોલીસે ૫ જુગારીઓને ઝડપી પાડ્યા હતા અને તેમની પાસેથી રૂ.૪,૨૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

પંકજભાઈ વાલજીભાઈ મકવાણા, કિરીટભાઈ મનજીભાઈ મકવાણા, અભયભાઈ ગુલાબભાઈ મકવાણા, બળવંતભાઈ ગુલાબભાઈ મકવાણા તથા નીતીનભાઈ જગદિશભાઈ દાફડા સ્ટ્રીટ લાઈટના અજવાળે જાહેર જગ્યામાં ગંજીપત્તા વડે પૈસાની હાર-જીતનો જુગાર રમતા રોકડ રૂ. ૪,૨૦૦ના મુદ્દામાલ સાથે રેઈડ દરમિયાન પકડાયા હતા.

ખાંભા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એન. પી. સોલંકી વધુ તપાસ કરી રહ્યા છે.

# નાની કુંડળમાં વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો, સાંસદ અને ધારાસભ્યના દીર્ઘાયુની પ્રાર્થના

બાબરા, તા.૦૧

ભાવનગર જિલ્લાના નાની કુંડળ ગામ ખાતે આવેલા પવિત્ર ત્રિવેણી માતાજીના મંદિર પરિસરમાં આજે એક વિશેષ પ્રકૃતિલક્ષી અને સેવાકીય કાર્યક્રમ સંપન્ન થયો હતો. પરમ પૂજ્ય મહંત અવધબિહારીદાસજી બાપુના દિવ્ય સાનિધ્યમાં આયોજિત આ કાર્યક્રમમાં સાંસદ ભરતભાઈ સુતરીયા તથા વિસ્તારના લોકપ્રિય અને ઉત્સાહી યુવા ધારાસભ્ય જનકભાઈ તળાવીયાના જન્મદિવસની અનોખી ઉજવણી કરવામાં આવી હતી. આ શુભ અવસરે ઉપસ્થિત સૌ આગેવાનો અને ગ્રામજનો દ્વારા પર્યાવરણની જાળવણીના સંકલ્પ સાથે ઉત્સાહભેર વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના અંતે પરમ પૂજ્ય બાપુ અને સમસ્ત ગ્રામજનોએ બંને જનપ્રતિનિધિઓનું સ્વાસ્થ્ય સદાય નિરોગી અને દીર્ઘાયુ રહે તેવી ત્રિવેણી માતાજીના ચરણોમાં શ્રધ્ધાપૂર્વક મંગલ પ્રાર્થના કરી હતી.



# ધારી તાલુકાના વીરપુર ગામે ખેડૂતના ઘરમાં ખાતર પડ્યું

ધારી, તા.૦૧

ધારીના વીરપુર ગામે ખેડૂતના ઘરમાં ત્રાટકેલા ચોર ઈસમો સોનાના ઘરેણાં અને રોકડ રકમની ઉઠાંતરી કરીને ફરાર થઈ ગયા હતા. બનાવ અંગે અતુલભાઈ ધીરૂભાઈ ચોડવડીયા (ઉ.વ.૪૦) એ અજાણ્યા ઈસમ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, કોઈ અજાણ્યા ચોર ઈસમે વીરપુર ગામે તેમના રહેણાંક મકાનની ડેલીની દિવાલ ટપીને ગેરકાયદેસર પ્રવેશ કર્યો હતો. જે બાદ મકાનના રૂમનો દરવાજો ખોલી, તેમની કપડાં રાખવાની સુટકેસમાંથી આશરે રૂા. ૨૦,૦૦૦ની રોકડ, તેમજ સાહેદના ઘરેથી રૂા. ૬,૦૦૦ની રોકડ, સોનાની બુટીનું પાન, સોનાની વીંટી તથા અન્ય રૂા. ૩૫,૦૦૦ની રોકડ મળી કુલ મુદામાલની ચોરી કરી નાસી છૂટ્યા હતા. ધારી પોલીસ સ્ટેશનના એએસઆઈ એન. બી. માઢક આ અંગે વધુ તપાસ કરી રહ્યા છે.

---

# સા.કુંડલામાં જેસર રોડ વિસ્તારમાં ગટરના કાયમી નિકાલ માટે કામગીરી શરૂ કરાશે

સાવરકુંડલા, તા. ૦૧

સાવરકુંડલા શહેરના જેસર રોડ વિસ્તારમાં વરસાદી પાણી અને ગટરના કાયમી નિકાલ માટે નગરપાલિકા દ્વારા તાત્કાલિક કામગીરી શરૂ કરવામાં આવશે. સ્થાનિક રહીશોની રજૂઆતોને ધ્યાનમાં રાખીને સરદાર પટેલ સોસાયટી સહિત સમગ્ર જેસર રોડ વિસ્તાર અને વોર્ડ નંબર-૮માં પ્રાથમિક સુવિધાઓ સુદ્રઢ બનાવવા આ મહત્વપૂર્ણ પહેલ કરાઈ છે. આ ગંભીર સમસ્યાના કાયમી ઉકેલ માટે તાજેતરમાં જ એક પ્રમુખ સ્થળ મુલાકાત યોજાઈ હતી. આ નિરીક્ષણ દરમિયાન નગરપાલિકાના તત્કાલીન પ્રમુખ નયનાબેન કાપડિયા, કારોબારી ચેરમેન જીગ્નેશભાઈ ટાંક, નગરપાલિકાના અન્ય સદસ્યો અને વોર્ડ નંબર-૮ના સ્થાનિક આગેવાનો ખાસ ઉપસ્થિત રહ્યા હતા. ગટર વિભાગના કોન્ટ્રાક્ટરને સાથે રાખીને સમગ્ર પ્રભાવિત વિસ્તારનું બારીકાઈથી નિરીક્ષણ કરવામાં આવ્યું હતું અને વરસાદી પાણી તેમજ ગટરના યોગ્ય નિકાલ માટે વિલંબ વગર કામગીરી શરૂ કરવા જરૂરી સૂચનાઓ આપવામાં આવી હતી.



# અમરેલી નગરપાલિકાની જાહેર ચેતવણી: જર્જરીત મકાનો ઉતારી લેવા તાકીદ

અમરેલી,તા.૦૧

અમરેલી નગરપાલિકા દ્વારા શહેર વિસ્તારમાં આવેલા તમામ સરકારી, ખાનગી અને રહેણાંક જર્જરીત મકાનોના માલિકો તેમજ કબજેદારો માટે એક મહત્વની જાહેર નોટિસ બહાર પાડવામાં આવી છે.

ગુજરાત નગરપાલિકા અધિનિયમ ૧૯૬૩ની જોગવાઈઓ અનુસાર, તમામ ભયજનક મકાનો કે ઈમારતોનો જર્જરીત ભાગ તાકીદે ઉતારી લેવા અને બાકીના માળખાને સુરક્ષિત કરવા કડક આદેશ આપવામાં આવ્યો છે. નગરપાલિકા દ્વારા અગાઉ પણ નોટિસો આપવામાં આવી હોવા છતાં, જવાબદાર વ્યક્તિઓ દ્વારા હજુ સુધી કોઈ યોગ્ય કાર્યવાહી કરવામાં આવી નથી. જો આવા મકાનો પડવાથી આસપાસના જાનમાલને કોઈ નુકસાન થશે, તો તેની સંપૂર્ણ જવાબદારી મકાન માલિકોની રહેશે.

તંત્રએ લોકોને આવા ભયજનક મકાનોમાં પ્રવેશ ન કરવા અને સાવચેતી રાખવા અપીલ કરી છે.

જો આ આદેશનું ત્વરિત પાલન કરવામાં નહીં આવે, તો નગરપાલિકા દ્વારા આવી ઈમારતો ખાલી કરાવીને કાયદાકીય કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

**નિયમોનું પાલન ન કરનારાઓ સામે લેવાશે કાયદાકીય પગલાં, જાનમાલના નુકસાનની જવાબદારી માલિકોની રહેશે**

---

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૨, તિથિ: બીજ
તા.૦૨-૦૬-૨૦૨૬, મંગળવાર, સૂર્યોદય-૦૫:૨૩,
સૂર્યાસ્ત-૦૭:૧૪, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: મૂળ

## દૈનિક રાશિફળ

**તા.૦૨-૦૬-૨૦૨૬ — મંગળવાર**

મેષ: પારિવારિક અને આર્થિક બાબતોમાં ચાલતી સમસ્યાઓ ઉકેલાશે અને આજીવિકાના ક્ષેત્રે નવા પ્રયત્નો પ્રગટશે. તમને વ્યવસાયમાં મોટી તક મળી શકે છે.

વૃષભ: ભાગીદારીમાં થઈ રહેલા કામથી લાભની સ્થિતિ ઊભી થશે. વિવાહિત જીવનમાં ઘણા દિવસોની સમસ્યા સમાપ્ત થઈ જશે.

મિથુન: સવારે ધાર્મિક યાત્રા પર જવાની યોજના હશે, રાજકીય દિશામાં કરવામાં આવેલા પ્રયત્નો સાર્થક સાબિત થશે અને લોકોનો ટેકો મનને આનંદ કરશે.

કર્ક: આજનો દિવસ સાધારણ ફળદાયક રહેશે. ક્ષેત્રમાં સખત મહેનત અને ધૈર્યથી તમને બધી સમસ્યાઓમાંથી મુક્તિ મળશે. પ્રતિકૂળતામાં નિર્ણય લેવાની ક્ષમતાનો વિકાસ થશે.

સિંહ: વ્યાવસાયિક સહયોગીઓ તમારી પાસેથી સલાહ અને માર્ગદર્શન પ્રાપ્ત કરશે, માન-સન્માન વધશે. આજે તમારું મન સરળ અને સાત્વિક કાર્યો છોડી શકે છે.

કન્યા: રોજગાર મેળવવા માગતા યુવાનોને નવી તક મળશે. તમારો પ્રોજેક્ટ કાર્યક્ષેત્રમાં પૂર્ણ થશે, તે જોઈને વિરોધીઓ પણ તમારી પ્રશંસા કરશે.

તુલા: કુટુંબનું વાતાવરણ શાંતિપૂર્ણ રહેશે અને આનંદદાયક સમાચાર મળતાં તમામ સભ્યોની ખુશી વધશે.તહેવાર પહેલા અટકેલા પૈસા મળશે.

વૃશ્ચિક: દુકાનદારો માટે આ સમયે વ્યસ્તતા વધુ રહેશે, તેના કારણે તમે પરિવાર તરફ ઓછું ધ્યાન આપી શકશો. આર્થિક સ્થિતિમાં સુધારો થશે.

ધન: વ્યવસાય સંબંધિત યોજનાઓ માટે નિષ્ણાતની સલાહ મદદરૂપ થશે. ભાગ્ય તમને સાથ આપશે અને દરેક ક્ષેત્રમાં સફળતા મળશે.

મકર: આજે આજીવિકાના ક્ષેત્રે પ્રગતિ થશે. પરિવારનું વાતાવરણ આનંદદાયક રહેશે અને તહેવારની તૈયારીઓ વચ્ચે વાનગીનો આનંદ માણશો.

કુંભ: ક્ષેત્રમાં અધિકારીઓ સાથે સંબંધ સુધરશે, પરંતુ તમારે ગપ્ત શત્રુઓથી સંભાળીને કામ કરવું પડશે. ઘરની જરૂરી અને કિંમતી ચીજોની સંભાળ રાખો.

મીન: વ્યવસાય સંબંધિત યોજનાઓ સફળ થશે અને લાભ આપવાનું શરૂ કરશે. ગીચ સ્થાનોને ટાળો અને જો જરૂરી હોય તો સલામતી સાથે જાઓ.

# 'તારા પિયરવાળાએ કોઈ કામકાજ શીખવાડ્યું નથી' તેમ કહી પરિણીતા પર રાજકોટમાં ત્રાસ ગુજાર્યો

સાવરકુંડલા, તા. ૦૧

સાવરકુંડલાની એક પરિણીતા પર રાજકોટમાં સાસરિયાંએ ત્રાસ ગુજાર્યો હતો. "તારા પિયરવાળાએ કોઈ કામકાજ શીખવાડ્યું નથી," તેમ કહી પતિ, સાસુ અને સસરાએ ત્રાસ આપ્યો હતો. સાસરિયાંના ત્રાસથી કંટાળી પિયર આવીને પરિણીતાએ પોલીસ ફરિયાદ નોંધાવી હતી. ભાવિકાબેન ભદ્રેશભાઈ કારેલીયા (ઉં.વ. ૪૦)એ રાજકોટમાં રહેતા પતિ લલિતભાઈ કાંતિભાઈ મકવાણા, સસરા કાંતિભાઈ કેશુભાઈ મકવાણા તથા સાસુ મંગળાબેન કાંતિભાઈ મકવાણા સામે ફરિયાદ નોંધાવી હતી.

ફરિયાદ મુજબ, પતિ તથા સાસુ-સસરા તેમને હેરાન-પરેશાન કરતા હતા. તેમજ "તને કોઈ કામકાજ આવડતું નથી, તારા પિયરવાળાઓએ કોઈ કામકાજ શીખવાડ્યું નથી અને તને કરિયાવરમાં કાંઈ આપેલ નથી," તેમ કહી મેણાં-ટોણાં મારી શારીરિક તથા માનસિક દુઃખ-ત્રાસ આપતા હતા. પતિ ઢીકાપાટુનો મૂઢમાર મારતો અને જેમ ફાવે તેમ ગાળો આપતો હતો. આ અંગે સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનના એએસઆઈ જે. જે. રાઠોડ વધુ તપાસ કરી રહ્યા છે.

**સાવરકુંડલા આવી મહિલાએ સાસરિયાં સામે ફરિયાદ નોંધાવી**

# ધારીના ખોડિયાર ડેમમાં ડૂબી જવાથી અમદાવાદના આધેડનું મોત

ધારી, તા. ૦૧

ધારીના ખોડિયાર ડેમમાં ડૂબી જવાથી એક પુરુષનું મોત થયું હતું. મૃતક વ્યક્તિ મૂળ અમદાવાદના રહેવાસી હતા અને છેલ્લા કેટલાક સમયથી માનસિક તેમજ આર્થિક સંકટમાંથી પસાર થઈ રહ્યા હતા. આ અંગે અમદાવાદમાં રહેતા અને મૂળ ડેડાણ ગામના નિર્મળાબેન રાજેશભાઈ હરીયાણી (ઉ.વ.૪૫)એ જાહેર કર્યા મુજબ, તેમના પતિ રાજેશભાઈ બંસીદાસ હરીયાણી (ઉ.વ.૪૮) છેલ્લા દસેક વર્ષથી ડાયાબિટીસની બીમારીથી પીડાતા હતા.

આ સાથે જ કોઈ કામ-ધંધો ન મળતો હોવાથી તેઓ કંટાળી ગયા હતા, જેથી પોતાની મેળે ધારી ખોડિયાર ડેમના પાણીમાં પડી જઈ ડૂબી જવાથી તેમનું મરણ થયું હતું. ધારી પોલીસે આ મામલે વધુ તપાસ હાથ ધરી છે.

# વડિયાના દેવળકી ગામે વોટ્સએપ પર APK ફાઈલ મોકલી ખેડૂતના ખાતામાંથી રૂ. ૯૬,૦૦૦ સેરવી લીધા

વડિયા, તા. ૦૧

સાયબર ગઠિયાઓએ હવે ગ્રામ્ય વિસ્તારોને નિશાન બનાવવાનું શરૂ કર્યું હોય તેમ વડિયા તાલુકાના દેવળકી ગામે ઓનલાઈન નાણાકીય છેતરપિંડીનો એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. જેમાં એક અજાણ્યા સાયબર ઠગે વોટ્સએપ પર APK ફાઈલ મોકલીને એક વ્યક્તિના બેંક ખાતામાંથી રૂ. ૯૬,૦૦૦ બારોબાર ટ્રાન્સફર કરી લીધા હોવાની ફરિયાદ નોંધાઈ છે.આ અંગે નિલેશભાઈ પરશોત્તભાઈ રોકડ (ઉ.વ. ૪૨)એ, ઉત્તર પ્રદેશના કાનપુરના મહોમદ સમીર લીયાકતઅલી સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તેમના વોટ્સએપ નંબર પર આરોપીએ એક APK ફાઈલ મોકલી હતી. તેમણે આ ફાઈલ ડાઉનલોડ કરીને ઓપન કરી કે તરત જ તેમની મંજૂરી વગર આરોપીએ તેમના આખા મોબાઈલ ફોનનું રિમોટ એક્સેસ મેળવી લીધું હતું. મોબાઈલ હેક કર્યા બાદ આરોપીએ તેમના બેંક ખાતામાંથી કુલ રૂ. ૯૬,૦૦૦ પોતાના ખાતામાં ટ્રાન્સફર કરી લીધા હતા. વડિયા પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ પીઆઈ પી. ડી. ગોહિલ આ અંગે વધુ તપાસ કરી રહ્યા છે.

# ડેડાણ ગામેથી આઈપીએલ ફાઈનલ પર જુગાર રમાડતો ઈસમ ઝડપાયો

ખાંભા, તા. ૦૧

ખાંભાના ડેડાણ ગામેથી આઈપીએલ ફાઈનલ મેચ પર જુગાર રમાડતો એક ઈસમ ઝડપાયો હતો.

અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં રવિવારે રમાઈ રહેલી ગુજરાત ટાઈટન્સ અને રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર વચ્ચેની મેચ પર ભરતભાઈ બાબુભાઈ ગોહિલ નામનો શખ્સ પોતાના મોબાઈલ ફોનમાં મેચનો સ્કોર જોઈ, એક કાગળમાં આંકડા લખી પૈસાની હારજીતનો ક્રિકેટ જુગાર રમાડતા રંગેહાથ ઝડપાયો હતો. પોલીસને તેની પાસેથી રોકડા રૂ. ૯૯૦, ૧ નંગ મોબાઈલ ફોન અને આંકડા લખેલી કાગળની ચીઠ્ઠી સહિત કુલ રૂપિયા ૫,૯૯૦નો મુદ્દામાલ મળી આવ્યો હતો. આ અંગે ખાંભા પોલીસ સ્ટેશનના એએસઆઈ આર.જે. રાઠોડ વધુ તપાસ કરી રહ્યા છે.

# જિલ્લામાં ૪ સ્થળેથી ૨૬ લીટર દેશી દારૂ મળ્યો

અમરેલી, તા.૦૧

અમરેલી જિલ્લામાં પોલીસે ૪ સ્થળેથી કુલ ૨૬ લીટર દેશી દારૂ જપ્ત કર્યો હતો. જેમાં વાવડા ગામેથી ૮ લીટર, ત્રંબોડા ગામેથી ૫ લીટર, સાવરકુંડલામાંથી ૩ લીટર તથા નારાયણનગરમાંથી ૧૦ લીટર દેશી દારૂ પકડાયો હતો. આ ઉપરાંત, વડીયા અને રાજુલામાંથી એક-એક મળી બે ઈસમો કેફી પીણું પીધેલી હાલતમાં ફરતા ઝડપાયા હતા.

**તંત્રી લેખ**

## ગ્લોબલ વૉર્મિંગ ને કારણે નહીં માનવીની ભૂલને કારણે ગરમી વધી

આ વર્ષની કાળઝાળ ગરમીને માટે એમ કહેવાય છે કે ગ્લોબલ વૉર્મિંગને કારણે આપણા શહેરો અગનભઠ્ઠી જેવા બની ગયા પરંતુ સાચી હકીકત એ છે કે માનવીની સ્વાર્થ નીતિને કારણે ગરમીનું પ્રમાણ વધી રહ્યું છે.

ભારતના અનેક રાજ્યોમાં આ વર્ષે ફરી એકવાર અસહ્ય ગરમીનો પ્રકોપ જોવા મળી રહ્યો છે. મે અને જૂન મહિનામાં તાપમાન અનેક સ્થળોએ ૪૫ ડિગ્રી સેલ્સિયસથી ઉપર પહોંચી ગયું છે. રસ્તાઓ સૂમસામ બન્યા છે, બપોરના સમયે લોકો ઘરની બહાર નીકળવાનું ટાળી રહ્યા છે અને હોસ્પિટલોમાં હીટસ્ટ્રોક તથા ડિહાઈડ્રેશનના દર્દીઓની સંખ્યા વધી રહી છે. ગરમી હવે માત્ર એક ઋતુજન્ય ઘટના રહી નથી; તે રાષ્ટ્રીય ચિંતા અને વિકાસ સાથે જોડાયેલો ગંભીર મુદ્દો બની ગઈ છે.

ખેતી ક્ષેત્ર પણ ગરમીના પ્રભાવથી અછૂત નથી. ઊંચા તાપમાનના કારણે પાકની ઉત્પાદકતા પર અસર પડે છે. જમીનમાં ભેજ ઝડપથી ઘટે છે, સિંચાઈની માંગ વધે છે અને પાણીના સ્ત્રોતો પર વધારાનો દબાણ ઊભો થાય છે. ગુજરાત, રાજસ્થાન, મહારાષ્ટ્ર અને દક્ષિણ ભારતના કેટલાક વિસ્તારોમાં પાણીની સમસ્યા વધુ ગંભીર બની રહી છે. જો આવી પરિસ્થિતિ લાંબા સમય સુધી ચાલુ રહે તો ખાદ્ય સુરક્ષા માટે પણ પડકારો ઊભા થઈ શકે છે.

ગરમીનો બીજો મહત્વપૂર્ણ પાસું શહેરો સાથે જોડાયેલું છે. ઝડપી શહેરીકરણના કારણે કોંક્રિટના જંગલો ઊભા થયા છે. વૃક્ષોનું પ્રમાણ ઘટ્યું છે, ખુલ્લી જમીનો ઓછી થઈ છે અને વાહનો તથા ઉદ્યોગોમાંથી નીકળતી ગરમી શહેરોને વધુ ગરમ બનાવી રહી છે. પરિણામે શહેરોમાં 'અર્બન હીટ આઈલેન્ડ' જેવી સ્થિતિ સર્જાઈ રહી છે, જેમાં શહેરો આસપાસના ગ્રામ્ય વિસ્તારો કરતાં અનેક ડિગ્રી વધુ ગરમ રહે છે. આ સ્થિતિ ભવિષ્યમાં વધુ વિકટ બની શકે છે જો વિકાસ અને પર્યાવરણ વચ્ચેનું સંતુલન જાળવવામાં નહીં આવે.

આબોહવા પરિવર્તન સામેની લડાઈ માત્ર સરકારોની જવાબદારી નથી. નાગરિકો પણ તેમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી શકે છે. પાણીનો સમજદારીપૂર્વક ઉપયોગ, વૃક્ષારોપણ, ઊર્જા બચત અને પર્યાવરણમૈત્રી જીવનશૈલી અપનાવવી સમયની માંગ છે. નાના પ્રયાસો પણ મોટા પરિવર્તનનું કારણ બની શકે છે.

આજની ગરમી આપણને માત્ર તાપમાનનો આંકડો બતાવતી નથી; તે ભવિષ્ય વિશે ચેતવણી પણ આપે છે. જો આપણે આજે જાગૃત નહીં બનીએ તો આવનારા વર્ષોમાં આવી પરિસ્થિતિ વધુ ગંભીર બની શકે છે. વિકાસ અને પર્યાવરણને વિરોધી નહીં પરંતુ પૂરક માનવાની જરૂર છે. પ્રગતિનો સાચો અર્થ ત્યારે જ સાકાર થશે જ્યારે આવનારી પેઢીઓને સુરક્ષિત, સ્વસ્થ અને સંતુલિત પર્યાવરણ મળી રહેશે.

ગરમીની આ લહેરને માત્ર ઋતુની અસર તરીકે જોવાની ભૂલ ન કરવી જોઈએ. તે કુદરતનો એક સ્પષ્ટ સંદેશ છે કે હવે પર્યાવરણ પ્રત્યેની બેદરકારીની કિંમત વધી રહી છે. સમયસર પગલાં લેવામાં આવશે તો પડકારને તકમાં ફેરવી શકાય છે, અન્યથા ભવિષ્ય વધુ કઠિન બનશે.

# કલ્પસર : વિશ્વની સૌથી મોટી જળસંચય યોજના

**પ્રાસંગિક**
**સુરેશ દેસાઈ**

તાજેતરની સૌથી મહત્વપૂર્ણ માહિતી એ છે કે કલ્પસર પ્રોજેક્ટનો ડિટેઈલ્ડ પ્રોજેક્ટ રિપોર્ટ હવે અંતિમ તબક્કામાં પહોંચી ગયો છે. ગુજરાત સરકારે વિધાનસભામાં આપેલી માહિતી મુજબ ડીપીઆર પૂર્ણ થયા બાદ રાજ્ય અને કેન્દ્ર સરકારની મંજૂરી મળ્યા પછી સમગ્ર પ્રોજેક્ટને પૂર્ણ થવામાં આશરે આઠ વર્ષનો સમય લાગી શકે છે. સરકાર દ્વારા છેલ્લા બે વર્ષમાં આ પ્રોજેક્ટ માટે નાણાંકીય ફાળવણી પણ કરવામાં આવી છે અને ટેકનિકલ અભ્યાસની પ્રક્રિયા સતત આગળ વધી રહી છે.

તાજેતરમાં એક વધુ મહત્વપૂર્ણ વિકાસ એ રહ્યો છે કે પ્રોજેક્ટ માટે પર્યાવરણીય મંજૂરી મેળવવાની પ્રક્રિયાને ફરીથી ગતિ આપવામાં આવી છે. કેન્દ્રના પર્યાવરણ મંત્રાલય સમક્ષ નવા અભ્યાસ અને એન્વાયરમેન્ટલ ઈમ્પેક્ટ એસેસમેન્ટ માટે અરજી કરવામાં આવી છે. આ પગલું દર્શાવે છે કે સરકાર હવે માત્ર વિચારણા સુધી સીમિત રહેવા માગતી નથી પરંતુ પ્રોજેક્ટને વાસ્તવિક અમલ તરફ લઈ જવા ઈચ્છે છે. કલ્પસર એટલે "ગલ્ફ ઓફ ખંભાત ડેવલપમેન્ટ પ્રોજેક્ટ". આ યોજના હેઠળ ખંભાતના અખાતમાં વિશાળ બંધ બાંધીને દરિયાના ખારા પાણીથી અલગ એક વિશાળ મીઠા પાણીનું જળાશય બનાવવાનો વિચાર છે. આ બંધ ભરૂચ અને ભાવનગર વચ્ચે બનાવવામાં આવશે. શરૂઆતના અભ્યાસોમાં આશરે ત્રીસ કિલોમીટર લાંબા બંધની કલ્પના કરવામાં આવી હતી, જ્યારે તાજેતરના વિસ્તૃત અભ્યાસોમાં લગભગ સાંઠ કિલોમીટર લાંબા ડેમ અને તેની ઉપર વિશાળ માર્ગ વ્યવસ્થાની વાત કરવામાં આવી રહી છે. આ પ્રોજેક્ટનું સૌથી મોટું આકર્ષણ એ છે કે દર વર્ષે ગુજરાતની અનેક નદીઓનું હજારો મિલિયન ઘનમીટર મીઠું પાણી સીધું દરિયામાં વહી જાય છે. નર્મદા, મહી, સાબરમતી, ઢાઢર, કાળુભાર, ગેલો અને અન્ય નદીઓનું પાણી જો સંગ્રહિત થઈ શકે તો રાજ્યને ભવિષ્યમાં જળસંકટનો સામનો ઓછો કરવો પડે. સરકારના અંદાજ મુજબ દર વર્ષે વિશાળ માત્રામાં મીઠું પાણી સમુદ્રમાં વહી જાય છે અને કલ્પસર દ્વારા તેનો મોટો હિસ્સો સંગ્રહિત કરી શકાય છે. કલ્પસરનો સૌથી મોટો લાભ સૌરાષ્ટ્ર, કચ્છ અને ઉત્તર ગુજરાત જેવા પાણીની અછતવાળા વિસ્તારોને થઈ શકે છે. વર્ષો સુધી દુષ્કાળ અને પાણીની કમીનો સામનો કરનારા આ વિસ્તારોમાં કૃષિ ઉત્પાદન વધારવા માટે પાણી અત્યંત આવશ્યક છે. જો કલ્પસરનું પાણી અસરકારક રીતે પહોંચાડવામાં આવે તો લાખો ખેડૂતોને તેનો સીધો લાભ મળી શકે છે. પીવાના પાણીની દૃષ્ટિએ પણ આ યોજના ખૂબ મહત્ત્વપૂર્ણ છે. ગુજરાતમાં પ્રતિ વ્યક્તિ પાણીની ઉપલબ્ધતા રાષ્ટ્રીય ધોરણ કરતાં ઓછી હોવાનું સરકારી સ્તરે સ્વીકારવામાં આવ્યું છે. આગામી દાયકાઓમાં શહેરોનો વિસ્તાર વધશે, ઉદ્યોગો વધશે અને પાણીની માંગ સતત વધી જશે. આવી સ્થિતિમાં કલ્પસરને રાજ્યના લાંબા ગાળાના જળભંડાર તરીકે જોવામાં આવે છે. કલ્પસર માત્ર જળસંચય યોજના નથી. તે પરિવહન ક્ષેત્રમાં પણ ક્રાંતિ લાવી શકે છે. પ્રસ્તાવ મુજબ બંધની ઉપર બહુ-લેન હાઈવે બનાવવામાં આવશે. જેના કારણે સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાત વચ્ચેનું અંતર નોંધપાત્ર રીતે ઘટશે. હાલમાં જે મુસાફરી લાંબા રસ્તા દ્વારા કરવી પડે છે તે સીધા સમુદ્ર ઉપરના માર્ગ દ્વારા વધુ ઝડપથી શક્ય બનશે. વેપાર, ઉદ્યોગ, પ્રવાસન અને લોજિસ્ટિક્સ ક્ષેત્રને તેનો લાભ મળી શકે છે.




તાજેતરમાં ગુજરાત સરકાર અને નેધરલેન્ડ વચ્ચે સંભવિત ટેકનિકલ સહયોગ અંગે ચર્ચા પણ નોંધપાત્ર ઘટના છે. નેધરલેન્ડ વિશ્વમાં દરિયાકાંઠાના ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ડેમ અને જળવ્યવસ્થાપન માટે જાણીતો દેશ છે. બંને સરકારો વચ્ચે નિષ્ણાત સમૂહ રચવાની ચર્ચા ચાલી રહી છે જેથી ડિઝાઈન, પર્યાવરણીય અભ્યાસ અને ટેકનિકલ પડકારોને વધુ અસરકારક રીતે ઉકેલી શકાય. અવશ્ય, આ પ્રોજેક્ટ સામે કેટલાક ગંભીર પ્રશ્નો પણ છે. પર્યાવરણવિદોનું માનવું છે કે ખંભાતના અખાતની સમુદ્રી જૈવવૈવિધ્યતા પર તેની અસર પડી શકે છે. માછીમારોની રોજીરોટી, દરિયાઈ પ્રવાહો, ગાદ જમા થવાની પ્રક્રિયા અને દરિયાકાંઠાના પર્યાવરણ અંગે વિસ્તૃત અભ્યાસ જરૂરી છે. આ કારણસર જ પર્યાવરણીય મંજૂરીની પ્રક્રિયા સૌથી મહત્ત્વનો તબક્કો બની છે. બીજો પડકાર ખર્ચનો છે. તાજેતરના અંદાજો અનુસાર પ્રોજેક્ટનો ખર્ચ એક લાખ સત્તાવન હજાર કરોડ રૂપિયાથી પણ વધુ હોઈ શકે છે. આટલી વિશાળ રકમ માટે રાજ્ય અને કેન્દ્ર સરકાર ઉપરાંત ખાનગી ભાગીદારી અને આંતરરાષ્ટ્રીય ટેકનિકલ સહયોગની જરૂર પડી શકે છે.

કલ્પસરની ચર્ચા ઘણી વખત માત્ર સ્વપ્નિલ યોજના તરીકે કરવામાં આવે છે, પરંતુ હવે પરિસ્થિતિ બદલાતી દેખાય છે. છેલ્લા ચાર દાયકાથી કાગળ પર રહેલા આ પ્રોજેક્ટ માટે સતત અભ્યાસ, ડીપીઆરનું અંતિમકરણ, પર્યાવરણીય પ્રક્રિયા અને આંતરરાષ્ટ્રીય સહયોગની ચર્ચાઓ દર્શાવે છે કે સરકાર તેને ગંભીરતાથી આગળ ધપાવી રહી છે. જો તમામ મંજૂરીઓ સમયસર મળી જાય તો આવનારા વર્ષોમાં ગુજરાતના જળ ઈતિહાસમાં એક નવું પ્રકરણ લખાઈ શકે છે. કલ્પસર સફળ થાય તો તે માત્ર એક ડેમ નહીં પરંતુ પાણી, પરિવહન, કૃષિ, ઉદ્યોગ અને પ્રાદેશિક વિકાસને એકસાથે જોડતી બહુપરિમાણીય યોજના બની શકે છે. ગુજરાતના ભવિષ્ય માટે તે એક વ્યૂહાત્મક રોકાણ સાબિત થઈ શકે છે. જોકે તેની સફળતા માટે વૈજ્ઞાનિક અભિગમ, પર્યાવરણીય સંતુલન અને પારદર્શક અમલીકરણ એટલું જ જરૂરી રહેશે. કલ્પસર પ્રારંભ ભાવનગરના સામા કિનારે આવેલા ભાડભૂત નામના ભગવાન શંકરના મંદિર પાસેથી કરવામાં આવશે આ કાંઠે જન્મ નિષ્કલંક મહાદેવ છે તેમ સામા કિનારે ભાડભૂત નામનું ભગવાન શિવનું મંદિર છે અને ગામનું નામ પણ ભાડભૂત છે અહીં વિશાળ પ્રોજેક્ટ પર કામ ચાલી રહ્યું છે.ભાડભૂત પ્રોજેક્ટ શું છે? ભરૂચ જિલ્લાના નજીક નર્મદા નદી પર બની રહેલો ભાડભૂત બેરેજ પ્રોજેક્ટ દક્ષિણ ગુજરાત માટે અત્યંત મહત્વનો જળસંચય અને વિકાસ પ્રોજેક્ટ છે. આ યોજના હેઠળ નર્મદા નદીના મુખ નજીક બેરેજ બાંધીને મીઠા પાણીનો વિશાળ જળાશય તૈયાર કરવામાં આવી રહ્યો છે. તેનો મુખ્ય હેતુ દરિયાના ખારા પાણીની ઘૂસણખોરી અટકાવવાનો, કૃષિ માટે પાણી ઉપલબ્ધ કરાવવાનો અને પીવાના તથા ઔદ્યોગિક ઉપયોગ માટે જળસંગ્રહ વધારવાનો છે. આ બેરેજના પાણીને કલ્પસરમાં ચોખ્ખું કરીને મોકલવામાં આવશે.

તાજેતરના અહેવાલો મુજબ જમીન સંપાદનની પ્રક્રિયામાં આશરે એંસી ટકા કામગીરી પૂર્ણ થઈ ગઈ છે અને હજારો ખેડૂતોને વળતર ચૂકવવામાં આવ્યું છે. પ્રોજેક્ટ પૂર્ણ થયા પછી લગભગ પાંચસો ને નવ્વાણું મિલિયન ઘનમીટર જેટલી જળસંગ્રહ ક્ષમતા ઊભી થશે. આ પાણીનો ઉપયોગ કૃષિ, ઉદ્યોગ અને ઘરેલુ જરૂરિયાતો માટે થઈ શકશે. ભાડભૂત બેરેજનો એક મહત્વનો લાભ એ છે કે તે દરિયાઈ ખારાશને અંદરના વિસ્તારોમાં પ્રવેશતી અટકાવશે. દક્ષિણ ગુજરાતના ઘણા વિસ્તારોમાં જમીનની વધતી ખારાશ ખેડૂતો માટે મોટી સમસ્યા બની રહી છે. બેરેજ દ્વારા આ સમસ્યાને ઘટાડવામાં મદદ મળશે.

આ પ્રોજેક્ટમાં નદી ઉપર માર્ગ વ્યવસ્થા પણ સામેલ છે. પ્રસ્તાવિત છ-લેન પુલના કારણે સુરત અને દહેજ વચ્ચેનું અંતર નોંધપાત્ર રીતે ઘટશે અને ઔદ્યોગિક પરિવહનને નવી ગતિ મળશે. દક્ષિણ ગુજરાતના બંદરો, ઉદ્યોગો અને વેપારને તેનો સીધો લાભ મળી શકે છે. ભાડભૂત પ્રોજેક્ટને ઘણા નિષ્ણાતો કલ્પસર પહેલાંનું એક વ્યવહારુ અને અમલી મોડેલ માને છે. નદીના મુખે મીઠા પાણીનો સંગ્રહ, ખારાશ નિયંત્રણ અને પરિવહન સુવિધાનો સંયુક્ત અભિગમ ભવિષ્યના મોટા જળપ્રોજેક્ટ માટે માર્ગદર્શક બની શકે છે. જો યોજના સમયસર પૂર્ણ થાય તો દક્ષિણ ગુજરાતના જળસંચય અને આર્થિક વિકાસમાં તેનો મહત્વનો ફાળો રહેશે.

## શબ્દ સંજોગ-૨૨૦૭



**આડી ચાવી :**
(૧) ફાડેલુ લાકડું (૪)
(૩) ભયંકર સ્વપ્નું (૩)
(૫) વહાણનો સુકાની (૩)
(૭) કવાયત (૩)
(૯) હિંચકાની સાંકળ ભરાવવાનો આંકડો (૪)
(૧૧) દેશનો વિભાગ (૨)
(૧૨) પનો, જાત (૨)
(૧૫) માતા, મા (૩)
(૧૮) પોશાક, ગણવેશ (૩)
(૨૦) વિવેક, અદબ (૩)
(૨૨) અમે અંગ્રેજીમાં (૧)
(૨૩) ભેદ, જાત (૩)
(૨૪) એક સુગંધી પદાર્થ (૩)
(૨૫) નુકસાન, ઠોકર (૨)
(૨૬) મોટી મોટી ઈચ્છા (૨)
(૨૮) રવિવાર એટલે... નો દિવસ (૨)
(૨૯) તાડના પાનનું છાજ (આ-અ) (૪)

**ઊભી ચાવી :**
(૧) કુંતીનો સૂર્યથી થયેલો પુત્ર (૨)
(૨) એક મહારાષ્ટ્રિયન અટક (૩)
(૩) કડી, બીજકોશ (૩)
(૪) દાસ, નોકર (૩)
(૬) છાંયડો, છાયા (૨)
(૭) આબરૂ, વિશ્વાસ (૨)
(૮) હોલિવૂડની ફિલ્મો હિન્દીમાં..થાય છે. (૨)
(૧૦) છાપ, મહોર (૨)
(૧૧) હાથ જોડયા હોય એવુ (૩)
(૧૩) દાણોપાણી (૩)
(૧૪) મહિનો (૨)
(૧૬) તાળી (૩)
(૧૭) સમજ કે કદર (૨)
(૧૯) નાળિયેર પૂનમે કરાતી દરિયાની પૂજા (૪)
(૨૧) ખાંડાના ચકતાનો હાર (૩)
(૨૩) મહારાણા..... (૩)
(૨૪) હાથ, ટેકસ (૨)
(૨૫) ભૂલચૂક (૨)
(૨૭) દાટા તરીકે વાપરેલો ડૂચો (૨)

## શબ્દ સંજોગ-૨૨૦૬ જવાબ

**આડી ચાવી:** (૧) ઘેરૈયા (૩) મહારત (૬) જનાર્દન (૭) નવ (૯) રવાના (૧૧) આકાર (૧૩) અવરોધ (૧૪) પ્રયોજન (૧૬) મન (૧૮) જાન (૨૦) ધિરાણ (૨૨) નટવર (૨૩) લાહ (૨૪) નકશો (૨૬) અમદાવાદ. **ઊભી ચાવી:** (૧) ઘેવર (૨) યોજના (૩) મર્દન (૪) હાન (૫) તનકારો (૮) વરધ (૧૦) વાડિયો (૧૧) આવનજાવન (૧૨) સાન (૧૩) અમ (૧૪) પ્રણિધિ (૧૫) જમણ (૧૭) અનહદ (૧૯) નરક (૨૧) રાતમ (૨૩) લાવા (૨૫) શોધ.

# સૌરાષ્ટ્ર માર્કેટિંગયાર્ડ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૫૦૦ | ૧૮૫૬ |
| ઘઉં લોકવન | ૪૫૫ | ૫૦૦ |
| ઘઉં ટુકડા | ૪૫૮ | ૫૬૪ |
| જુવાર સફેદ | ૯૬૦ | ૧૦૬૦ |
| જુવાર લાલ | ૮૮૦ | ૯૮૪ |
| જુવાર પીળી | ૪૦૦ | ૫૦૦ |
| બાજરી | ૩૬૦ | ૪૭૯ |
| તુવેર | ૧૨૦૦ | ૧૫૦૦ |
| ચણા પીળા | ૧૧૧૦ | ૧૧૯૫ |
| ચણા સફેદ | ૧૧૨૫ | ૧૬૬૦ |
| અડદ | ૧૨૦૦ | ૧૬૪૦ |
| મગ | ૧૩૬૧ | ૧૭૫૦ |
| વાલ દેશી | ૬૮૦ | ૮૯૫ |
| ચોળી | ૮૭૦ | ૧૫૩૦ |
| વટાણા | ૬૦૦ | ૮૫૦ |
| કળથી | ૩૭૫ | ૭૨૫ |
| રાજમા | ૭૪૦ | ૧૪૦૦ |
| સીંગદાણા | ૧૭૮૦ | ૧૮૭૦ |
| મગફળી જાડી | ૧૨૬૦ | ૧૬૨૯ |
| મગફળી જીણી | ૧૨૭૦ | ૧૫૭૪ |
| તલી | ૧૭૪૦ | ૨૩૭૦ |
| સુરજમુખી | ૧૧૦૭ | ૧૫૦૫ |
| એરંડા | ૧૧૬૧ | ૧૩૧૮ |
| અજમો | ૧૫૦૦ | ૨૭૦૦ |
| સુવા | ૧૧૦૦ | ૧૪૦૦ |
| સોયાબીન | ૧૩૭૧ | ૧૬૭૦ |
| સીંગફાડા | ૧૪૦૦ | ૧૭૦૦ |
| કાળા તલ | ૨૬૦૦ | ૩૫૭૦ |
| લસણ | ૯૫૦ | ૧૫૦૦ |
| ધાણા | ૨૧૫૦ | ૨૪૭૭ |
| ધાણી | ૨૩૧૦ | ૨૪૮૦ |
| વરીયાળી | ૭૫૦ | ૧૭૨૮ |
| જીરૂ | ૩૩૪૦ | ૩૮૭૦ |
| રાય | ૧૨૭૦ | ૧૭૨૦ |
| મેથી | ૧૦૧૦ | ૧૯૦૦ |
| ઇસબગુલ | ૧૮૦૦ | ૨૪૨૦ |
| કલોંજી | ૨૯૫૦ | ૩૪૦૫ |
| રાયડો | ૧૨૧૦ | ૧૪૧૦ |
| રજકાનું બી | ૫૨૦૦ | ૭૫૫૦ |
| ગુવારનું બી | ૧૦૨૫ | ૧૧૭૫ |
| **રાજકોટ (શાકભાજી)** | | |
| કેરી કાચી | ૩૮૧ | ૫૭૮ |
| લીંબુ | ૯૧૮ | ૧૮૩૩ |
| સાકરટેટી | ૧૨૫ | ૨૮૦ |
| તરબુચ | ૧૦૩ | ૨૦૨ |
| પપૈયા | ૮૫ | ૧૭૩ |
| બટેટા | ૧૦૧ | ૨૮૨ |
| ડુંગળી સુકી | ૮૦ | ૩૬૧ |
| ટમેટા | ૩૩૮ | ૬૨૫ |
| સુરણ | ૮૨૫ | ૧૦૨૯ |
| કોથમરી | ૬૩૩ | ૧૦૧૮ |
| રીંગણા | ૧૫૪ | ૨૪૮ |
| કોબીજ | ૧૩૧ | ૨૦૫ |
| ફ્લાવર | ૩૨૨ | ૬૮૭ |

| | | |
|---|---|---|
| ભીંડો | ૨૩૬ | ૪૪૧ |
| ગુવાર | ૩૭૭ | ૮૦૫ |
| ચોળાસીંગ | ૩૮૫ | ૭૦૧ |
| ટીંડોળા | ૪૦૭ | ૭૭૫ |
| દુધી | ૧૪૬ | ૨૧૮ |
| કારેલા | ૨૭૧ | ૪૯૩ |
| સરગવો | ૩૩૬ | ૬૪૯ |
| તુરીયા | ૩૭૫ | ૬૨૬ |
| પરવર | ૪૮૬ | ૬૭૯ |
| કાકડી | ૩૧૧ | ૫૨૧ |
| ગાજર | ૩૦૬ | ૫૮૫ |
| વટાણા | ૧૦૭૯ | ૧૫૨૪ |
| ગલકા | ૨૨૫ | ૩૫૫ |
| બીટ | ૨૨૬ | ૩૭૯ |
| મેથી | ૬૮૯ | ૧૦૮૬ |
| ડુંગળી લીલી | ૬૨૭ | ૯૪૩ |
| આદુ | ૧૩૮૬ | ૧૬૨૨ |
| મરચા લીલા | ૪૫૩ | ૭૦૦ |
| મકાઇ લીલી | ૨૬૩ | ૪૯૩ |
| ગુંદા | ૩૨૧ | ૫૩૪ |
| **ગોંડલ** | | |
| કપાસ | ૧૧૧૧ | ૧૮૩૬ |
| ઘઉં લોકવન | ૪૫૦ | ૫૨૨ |
| ઘઉં ટુકડા | ૪૪૦ | ૬૦૦ |
| સિંગદાણા જાડા | ૧૭૦૧ | ૧૯૨૧ |
| સિંગ ફાડીયા | ૧૫૦૧ | ૧૮૪૧ |
| એરંડા / એરંડી | ૧૦૪૧ | ૧૩૨૬ |
| જીરૂ | ૨૦૦૦ | ૪૦૪૧ |
| કલંજી | ૧૧૦૧ | ૩૩૫૧ |
| ધાણા | ૧૭૦૧ | ૨૬૬૧ |
| મરચા સૂકા પટ્ટો | ૧૮૦૧ | ૮૦૦૧ |
| લસણ સુકું | ૬૭૧ | ૧૪૫૧ |
| ડુંગળી લાલ | ૮૧ | ૪૪૧ |
| અડદ | ૧૦૦૦ | ૧૬૨૧ |
| તુવેર | ૯૦૧ | ૧૫૨૧ |
| રાયડો | ૧૩૨૧ | ૧૩૨૧ |
| રાય | ૧૬૩૧ | ૧૭૫૧ |
| મેથી | ૯૬૧ | ૧૪૬૧ |
| મરચા | ૧૫૦૧ | ૪૪૦૧ |
| તલ - તલી | ૧૬૭૬ | ૨૪૬૧ |
| ધાણી | ૧૮૦૧ | ૩૦૦૧ |
| ડુંગળી સફેદ | ૧૧૦ | ૨૦૬ |
| મગ | ૧૦૫૧ | ૧૭૬૧ |
| સોયાબીન | ૧૧૮૬ | ૧૪૭૬ |
| ગોગળી | ૧૦૦૦ | ૧૩૩૧ |
| **ગોંડલ (શાકભાજી)** | | |
| ટમેટા | ૩૦૦ | ૫૬૦ |
| મરચા | ૩૦૦ | ૧૦૦૦ |
| ગુવાર | ૩૦૦ | ૧૨૦૦ |
| કોબી | ૧૪૦ | ૨૪૦ |
| દુધી | ૧૦૦ | ૩૦૦ |
| ફ્લાવર | ૩૦૦ | ૮૦૦ |
| કાકડી | ૧૦૦ | ૩૬૦ |
| રીંગણા | ૧૦૦ | ૩૦૦ |
| ભીંડો | ૩૦૦ | ૭૦૦ |

| | | |
|---|---|---|
| ગલકા | ૧૪૦ | ૪૦૦ |
| ગાજર | ૧૦૦ | ૩૦૦ |
| ટિંડોરા | ૫૦૦ | ૬૦૦ |
| વટાણા | ૧૩૮૦ | ૧૮૦૦ |
| શક્કરીયા | ૩૮૦ | ૫૦૦ |
| કેરી કાચી | ૩૦૦ | ૭૦૦ |
| ડુંગળી પુરા | ૧૦ | ૨૦ |
| તાંજરીયા પુરા | ૨ | ૮ |
| કોથમીર પુરા | ૫ | ૧૦ |
| ફોદીનો પુરા | ૩ | ૭ |
| પરવર | ૪૦૦ | ૧૦૦૦ |
| ઘીસોડા | ૪૦૦ | ૭૦૦ |
| લીંબુ | ૨૦૦ | ૧૨૦૦ |
| મેથી પુરા | ૬ | ૧૫ |
| બીટ પુરા | ૧૦ | ૧૫ |
| સરગવો પુરા | ૧૦ | ૨૦ |
| ચોરા | ૪૦૦ | ૧૦૦૦ |
| કારેલા | ૨૮૦ | ૬૦૦ |
| કાચા પોપૈયા | ૬૦ | ૪૦૦ |
| આદુ | ૧૪૦૦ | ૧૮૦૦ |
| પાલક પુરા | ૫ | ૭ |
| **અમરેલી** | | |
| શિંગ મઠડી | ૧૦૯૦ | ૧૫૯૦ |
| શિંગદાણા | ૧૬૭૦ | ૧૮૨૫ |
| શિંગદાણા ફાડા | ૧૦૪૦ | ૧૭૧૦ |
| તલ સફેદ | ૧૧૦૦ | ૨૪૭૦ |
| તલ કાળા | ૨૧૯૦ | ૩૬૫૦ |
| તલ કાશમીરી | ૨૧૦૦ | ૨૩૧૫ |
| ઘઉં ટુકડા | ૪૦૦ | ૫૬૫ |
| ઘઉં લોકવન | ૪૨૫ | ૪૯૦ |
| મકાઈ | ૪૧૫ | ૪૯૫ |
| અડદ | ૯૨૫ | ૧૬૧૦ |
| ચણા | ૮૯૦ | ૧૧૭૫ |
| સફેદ ચણા | ૧૦૨૫ | ૧૧૩૫ |
| તુવેર | ૮૪૦ | ૧૫૬૦ |
| કપાસ | ૧૦૨૫ | ૧૮૭૦ |
| એરંડા | ૧૧૦૦ | ૧૨૯૦ |
| જીરૂ | ૨૨૦૦ | ૩૭૯૫ |
| રાય | ૧૧૫૦ | ૧૫૮૦ |
| ધાણા | ૨૪૨૫ | ૨૪૨૫ |
| ધાણી | ૨૦૦૦ | ૨૫૧૦ |
| મેથી | ૧૧૫૦ | ૧૪૨૫ |
| સોયાબીન | ૧૨૫૫ | ૧૪૪૫ |
| વરીયાળી | ૧૩૩૦ | ૧૫૦૦ |
| સુર્યમુખી | ૧૨૫૫ | ૧૪૪૫ |
| કલોજી | ૧૦૧૦ | ૨૯૭૦ |
| છોલે ચણા | ૧૨૫૫ | ૧૨૫૫ |
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૧૭૦ | ૨૭૦ |
| રીંગણા | ૨૦૦ | ૫૦૦ |
| ફ્લાવર | ૭૦૦ | ૮૦૦ |
| કોબીજ | ૨૫૦ | ૩૦૦ |
| શકકરીયા | ૫૫૦ | ૬૩૦ |
| ટમેટાં | ૬૨૦ | ૭૨૦ |
| સુરણ | ૮૦૦ | ૯૦૦ |

| | | |
|---|---|---|
| ગાજર | ૫૨૦ | ૬૦૦ |
| દુધી | ૧૫૦ | ૨૦૦ |
| કારેલા | ૫૦૦ | ૬૩૦ |
| ગલકા | ૩૦૦ | ૩૫૦ |
| કાકડી | ૨૫૦ | ૩૫૦ |
| ગુવાર | ૭૩૦ | ૧૦૦૦ |
| વાલોળ | ૮૫૦ | ૧૫૧૦ |
| વટાણા | ૧૬૦૦ | ૧૭૦૦ |
| ચોળા લીલા | ૫૫૦ | ૬૫૦ |
| તુરીયા | ૬૦૦ | ૭૦૦ |
| ભીંડો | ૪૦૦ | ૫૦૦ |
| આદુ | ૧૮૦૦ | ૨૦૫૦ |
| કોથમીર | ૫૦૦ | ૭૦૦ |
| મેથીભાજી | ૫૦૦ | ૬૦૦ |
| ફોદીનો | ૪૦૦ | ૫૩૦ |
| ટીંડોરા | ૬૨૦ | ૭૧૦ |
| બીટ | ૩૭૦ | ૪૯૦ |
| સરગવો | ૬૦૦ | ૭૦૦ |
| લીમડો મીઠો | ૧૪૦ | ૨૦૦ |
| મરચાં લીલાં | ૭૦૦ | ૯૦૦ |
| ડુંગળી સુકી | ૩૦૦ | ૪૦૦ |
| લસણ સુકુ | ૧૧૫૦ | ૨૦૫૦ |
| પાલક | ૪૦૦ | ૫૦૦ |
| લીંબુ | ૬૮૦ | ૧૧૦૦ |
| મકાઈ | ૩૩૦ | ૪૦૦ |
| કાચી કેરી | ૫૦૦ | ૧૨૦૦ |
| પાકી કેરી | ૮૫૦ | ૧૫૧૦ |
| **સાવરકુંડલા** | | |
| શીંગ જીણી | ૧૨૨૦ | ૧૫૩૫ |
| શીંગ મોટી | ૧૨૦૦ | ૧૪૧૧ |
| તલ સફેદ | ૨૦૦૦ | ૨૩૮૦ |
| તલ કાળા | ૩૧૦૦ | ૩૫૫૧ |
| જીરૂ | ૨૩૦૫ | ૩૬૪૨ |
| કપાસ | ૧૫૦૦ | ૧૮૦૧ |
| ઘઉં લોકવન | ૪૨૫ | ૪૮૫ |
| ઘઉં ટુકડા | ૪૪૦ | ૪૯૪ |
| બાજરો | ૩૦૦ | ૫૦૦ |
| જુવાર | ૬૫૦ | ૧૧૫૦ |
| ચણા | ૧૦૫૦ | ૧૧૮૫ |
| દેશી ચણા | ૧૦૫૦ | ૧૧૮૦ |
| તુવેર | ૧૦૦૦ | ૧૩૫૦ |
| એરંડી | ૧૦૦૦ | ૧૨૫૦ |
| મેથી | ૧૧૦૦ | ૧૩૦૦ |
| ધાણા | ૧૫૦૦ | ૨૩૦૦ |
| સોયાબીન | ૧૨૦૦ | ૧૪૫૦ |
| **ધારી** | | |
| મગફળી | ૧૩૮૦ | ૧૪૨૫ |
| ઘઉં લોકવન | ૪૫૫ | ૪૭૦ |
| ચણા | ૧૦૩૧ | ૧૧૫૯ |
| ધાણા | ૧૯૦૦ | ૨૩૦૦ |
| એરંડા | ૧૧૫૫ | ૧૧૫૫ |
| મગ | ૧૪૭૦ | ૧૫૦૬ |
| તલ સફેદ | ૧૮૦૧ | ૨૨૦૦ |
| તલ કાળા | ૧૮૩૦ | ૩૨૦૦ |
| એરંડા | ૧૦૦૦ | ૧૧૭૫ |

| | | |
|---|---|---|
| કલોંજી | ૧૮૧૧ | ૩૦૫૦ |
| ચોળી | ૮૩૦ | ૮૩૦ |
| મેથી | ૧૦૪૦ | ૧૨૭૫ |
| રાઈ | ૧૨૫૫ | ૧૨૫૫ |
| સોયાબીન | ૧૨૩૫ | ૧૨૫૧ |
| **બગસરા** | | |
| ઘઉં લોકવન | ૪૧૫ | ૪૫૨ |
| ચણા | ૮૦૦ | ૧૧૫૬ |
| ધાણા | ૧૮૦૦ | ૨૩૮૫ |
| શીંગદાણા | ૧૧૮૫ | ૧૮૪૫ |
| તુવેર | ૧૨૯૪ | ૧૩૧૩ |
| ચણા સફેદ | ૯૮૨ | ૧૦૪૪ |
| તલ સફેદ | ૧૬૫૦ | ૨૧૬૪ |
| મકાઈ | ૫૦૦ | ૫૪૬ |
| જુવાર | ૮૧૧ | ૮૧૧ |
| ચણા | ૮૦૦ | ૧૧૫૬ |
| મગ | ૧૩૫૦ | ૧૫૭૧ |
| સોયાબીન | ૧૨૦૦ | ૧૪૧૩ |
| ઘઉં ટુકડા | ૩૮૦ | ૪૪૮ |
| લસણ | ૭૯૦ | ૭૯૦ |
| **બાબરા** | | |
| કપાસ સુપર | ૧૬૪૦ | ૧૯૦૦ |
| કપાસ મીડીયમ | ૧૫૧૦ | ૧૬૦૦ |
| મગફળી | ૧૧૯૦ | ૧૩૬૦ |
| જીરૂ | ૨૮૮૦ | ૩૯૦૦ |
| ચણા | ૧૧૩૦ | ૧૧૬૦ |
| ઘઉ | ૪૭૦ | ૫૧૦ |
| તલ સફેદ | ૧૫૫૦ | ૨૨૫૦ |
| તલ કાળા | ૨૬૭૦ | ૩૯૯૦ |
| **ભેંસાણ** | | |
| કપાસ | ૧૦૦૧ | ૧૭૯૬ |
| ઘઉં | ૩૦૧ | ૪૭૧ |
| ચણા | ૮૦૧ | ૧૧૪૬ |
| બાજરો | ૩૦૦ | ૩૦૦ |
| જુવાર | ૪૫૬ | ૪૫૬ |
| તુવેર | ૬૫૧ | ૧૪૫૬ |
| શિંગદાણા | ૧૩૪૧ | ૧૭૭૬ |
| શિંગફાડા | ૧૩૦૧ | ૧૬૮૬ |
| તલ સફેદ | ૧૦૦૧ | ૨૩૨૧ |
| તલ કાળા | ૧૫૦૧ | ૩૩૯૬ |
| મેથી | ૭૦૧ | ૧૨૯૧ |
| જીરૂ | ૩૧૬૧ | ૩૧૬૧ |
| ધાણા | ૧૦૦૧ | ૨૩૯૬ |
| લસણ | ૪૭૧ | ૮૪૧ |
| મગફળી | ૬૦૦ | ૧૩૬૬ |
| જીરૂ | ૩૧૬૧ | ૩૧૬૧ |
| સોયાબીન | ૯૦૧ | ૧૪૫૧ |
| **મહુવા** | | |
| શીંગ ઉ.મગડી | ૧૩૯૯ | ૧૬૭૮ |
| શીંગ મીનાક્ષી નવી | ૧૦૬૨ | ૧૬૩૨ |
| શીંગ ગીરનાર | ૧૧૬૧ | ૧૪૫૪ |
| શીંગ જી-૨૦ | ૧૧૫૦ | ૧૩૩૬ |
| જુવાર | ૨૫૦ | ૧૦૫૭ |
| બાજરી | ૩૩૩ | ૫૦૮ |
| ઘઉં ટુકડા | ૨૫૦ | ૫૨૧ |

| | | |
|---|---|---|
| મકાઈ | ૨૮૦ | ૪૫૪ |
| તલ સફેદ | ૧૫૦૦ | ૨૪૦૧ |
| તલ કાળા | ૧૭૦૦ | ૩૬૧૭ |
| ડુંગળી લાલ | ૫૩ | ૫૦૦ |
| ડુંગળી સફેદ | ૧૫૦ | ૩૧૨ |
| કપાસ શંકર | ૧૩૬૫ | ૧૭૯૫ |
| નાળીયેર | ૬૫૫ | ૧૯૪૫ |
| **કોડીનાર** | | |
| મગફળી જી-૨૦ | ૧૦૫૦ | ૧૬૦૦ |
| મગફળી નવી | ૧૧૦૦ | ૧૩૮૫ |
| મગ | ૧૪૫૦ | ૧૭૯૬ |
| બાજરી હાઈબ્રીડ | ૧૧૦૦ | ૧૩૮૫ |
| ઘઉં | ૪૦૦ | ૪૮૫ |
| રાય | ૧૨૭૦ | ૧૪૦૦ |
| મેથી | ૧૦૫૦ | ૧૩૮૦ |
| જુવાર | ૭૮૦ | ૧૦૦૦ |
| સોયાબીન | ૧૨૧૧ | ૧૪૦૧ |
| **જામનગર** | | |
| બાજરો | ૯૨૫ | ૧૦૦૫ |
| ઘઉં | ૩૫૦ | ૪૮૦ |
| મગ | ૧૪૪૦ | ૧૬૫૫ |
| અડદ | ૯૯૦ | ૧૫૮૫ |
| તુવેર | ૭૮૦ | ૧૪૦૦ |
| ચણા | ૧૦૪૦ | ૧૧૮૧ |
| મગફળી જીણી | ૧૧૦૦ | ૧૬૦૦ |
| મગફળી જાડી | ૧૦૫૦ | ૧૫૦૦ |
| એરંડા | ૧૧૪૦ | ૧૨૪૯ |
| તલ | ૧૫૦૦ | ૨૩૫૦ |
| રાયડો | ૧૨૨૦ | ૧૩૯૩ |
| રાઈ | ૧૪૦૦ | ૧૬૨૦ |
| લસણ | ૮૦૦ | ૨૨૧૦ |
| કપાસ | ૧૧૭૦ | ૧૭૮૦ |
| જીરૂ | ૩૩૦૦ | ૩૮૧૦ |
| અજમો | ૧૯૦૦ | ૩૩૦૦ |
| અજમાની ભૂસી | ૫૦ | ૨૬૦૦ |
| ધાણા | ૨૦૦૦ | ૨૫૪૦ |
| ડુંગળી સૂકી | ૭૦ | ૩૧૫ |
| રાજમા | ૧૦૦૦ | ૧૨૦૦ |
| **રાજુલા** | | |
| શીંગ | ૧૧૦૧ | ૧૩૯૦ |
| તલ સફેદ | ૧૬૦૦ | ૨૩૪૧ |
| કપાસ | ૧૦૧૧ | ૧૮૧૭ |
| બાજરો | ૩૩૦ | ૪૮૯ |
| ઘઉં ટુકડા | ૩૫૧ | ૪૭૬ |
| જુવાર | ૫૬૮ | ૧૦૭૦ |
| મગ | ૧૨૦૧ | ૧૭૨૦ |
| તુવેર | ૧૦૦૦ | ૧૦૦૦ |
| ચણા | ૧૦૦૦ | ૧૧૦૦ |
| મેથી | ૧૧૦૦ | ૧૩૦૦ |
| સોયાબીન | ૧૦૦૦ | ૧૩૦૦ |
| શીગદાણા | ૧૬૭૧ | ૧૬૯૦ |
| અડદ | ૫૦૦ | ૧૫૫૮ |

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya
Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# સમસ્ત ગોંડલીયા (પટેલ) પરિવારનો પાંચમો ભવ્ય સ્નેહમિલન સમારોહ યોજાયો

અમરેલી,તા.૦૧



સુરતના સરથાણા પાસે આવેલા ગોવર્ધન ફાર્મ હાઉસ ખાતે સમસ્ત ગોંડલીયા (પટેલ) પરિવારના પાંચમા સ્નેહમિલન સમારોહનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆત પરિવારના વડીલો દ્વારા દીપ પ્રાગટ્ય અને રાષ્ટ્રગાન સાથે થઈ હતી. આ સમારોહમાં ગુજરાતભરમાંથી જુદા જુદા ૧૪૫ ગામના પરિવારજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. મહાનગરમાં વસતા અને વિવિધ વ્યવસાય સાથે સંકળાયેલા પરિવારો એક જ સ્થળે એકત્રિત થાય, પરસ્પર પારિવારિક ભાવના વધે અને નાણાં તેમજ સમયનો બચાવ થાય તેવા ઉમદા હેતુથી આ આયોજન કરાયું હતું. આ પ્રસંગે ધોરણ ૧ થી ૧૨માં પ્રથમ ત્રણ ક્રમ મેળવનાર તેજસ્વી વિદ્યાર્થીઓનું મંચ પરથી સન્માન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં મોટા કોટડાના ગોબરભાઈ ગોંડલીયાનું વિશેષ સન્માન કરાયું હતું, જ્યારે બાળકોએ ધાર્મિક અને સામાજિક વિષયો પર વક્તવ્ય આપ્યા હતા. પરિવારના મોભી શ્રી મનુભાઈ ગોંડલીયાએ શિક્ષણનું મહત્વ સમજાવી ઉચ્ચ અભ્યાસ કરવા પ્રેરણા આપી હતી અને વાલક પાટીયા પાસે નવનિર્મિત 'જમનાબા ભવન'ને પરિવારનું ગૌરવ ગણાવ્યું હતું.

# 'ઓપરેશન મ્યૂલ હન્ટ ૧.૦' નીચે ગુજરાતમાં રૂ.૨,૨૮૯ કરોડના સાયબર ફ્રોડનો પર્દાફાશ, ૬૩૮ આરોપીઓ ઝડપાયા

અમદાવાદ,તા.૦૧



ગુજરાત પોલીસ અને સાયબર સેન્ટર ઓફ એક્સલન્સના સંયુક્ત અભિયાન 'ઓપરેશન મ્યૂલ હન્ટ ૧.૦' હેઠળ રાજ્યમાં અત્યાર સુધીના સૌથી મોટા સાયબર ફ્રોડ નેટવર્કનો પર્દાફાશ થયો છે. વર્ષ ૨૦૨૫ દરમિયાન ચાલેલા આ ઓપરેશનમાં કુલ રૂ.૨,૨૮૯ કરોડનું કૌભાંડ સામે આવ્યું છે. પોલીસે ૯૧૩ શંકાસ્પદ મ્યૂલ એકાઉન્ટ્સ (ગેરકાયદેસર નાણાં હેરફેર માટે વપરાતા ખાતા) સામે કાર્યવાહી કરી ૫૬૫ એફઆઈઆર નોંધી છે અને ૬૩૮ આરોપીઓની ધરપકડ કરી છે. આ કડક કાર્યવાહીના પરિણામે ગેરકાયદેસર બેંકિંગ વ્યવહારોમાં મોટો ઘટાડો થયો છે. ચેક દ્વારા માસિક ઉપાડ રૂ.૧૨૬ કરોડથી ઘટીને માત્ર રૂ.૨૫ કરોડ (૭૫% ઘટાડો) થયો છે, જ્યારે એટીએમ ઉપાડમાં ૬૬% નો ઘટાડો નોંધાયો છે. આગામી સમયમાં સાયબર ફ્રોડ રોકવા માટે રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા એઆઈ (AI) આધારિત રિસ્ક સ્કોરિંગ સિસ્ટમ લાવશે, જ્યારે દેશભરની બેંકો વચ્ચે માહિતીના આદાન-પ્રદાન માટે 'મ્યુલહંટર.એઆઈ' નામની સેન્ટ્રલ રજીસ્ટ્રી પણ તૈયાર કરવામાં આવી રહી છે.

# ઉનાના મોઠા ગામે અધિકમાસ પૂર્ણિમાએ ધાર્મિક ઉત્સવ યોજાયો

ઉના,તા.૦૧



ઉનાના મોઠા ગામે અધિકમાસની પૂર્ણિમા નિમિત્તે ગોપી મંડળ દ્વારા ભગવાન શાલીગ્રામને વિષ્ણુ સહસ્ત્રનામ સાથે ૩૧,૧૦૮ તુલસીપત્ર અર્પણ કરાયા હતા. વર્ષો જૂની પરંપરા મુજબ મહિલાઓએ મુક્તિ ચૈતન્ય સ્વામી અને રણછોડરાયજી મંદિરે ગોરમાની સ્થાપના કરી પૂજન કર્યું હતું. આ માસ દરમિયાન દરરોજ કથાશ્રવણ, ધૂન-ભજન, મહાપ્રસાદ તેમજ વનભોજન, તીર્થસ્નાન અને સત્યનારાયણ કથા જેવા વિવિધ ધાર્મિક આયોજનોમાં ભાવિકો ઉત્સાહભેર જોડાયા હતા.

# ઉનાના ચીખલી ગામે છરીના ઘા ઝીંકી માછીમાર યુવકની કરપીણ હત્યા

ઉના,તા.૦૧



ઉના તાલુકાના ચીખલી ગામમાં જલારામ પાન સેન્ટર પાસે ૨૩ વર્ષીય માછીમાર યુવક અક્ષય મોહનભાઈ મકવાણા પર પાંચથી વધુ શખસોએ છરી વડે જીવલેણ હુમલો કરી તેની હત્યા નિપજાવી છે. આ ચકચારી ઘટનાના સીસીટીવી ફૂટેજ પણ સામે આવ્યા છે, જેમાં અક્ષય પર પીઠ પાછળથી હુમલો થતાં તેણે બહાદુરીપૂર્વક પ્રતિકાર કર્યો હતો, પરંતુ ગંભીર ઈજાઓ થવાના કારણે તે લોહીલુહાણ હાલતમાં ઢળી પડ્યો હતો. મૃતક અક્ષય તેના માતા-પિતાનો એકમાત્ર દીકરો હતો, જેથી પરિવાર પર આભ તૂટી પડ્યું છે.

મૃતકના મામાના જણાવ્યા મુજબ, સોશિયલ મીડિયામાં સ્ટેટ્સ મૂકવા બાબતની જૂની અદાવત તેમજ કોબ ગામના એક યુવકની બાઈક સર્વિસ કરાવવા બાબતે થયેલી માથાકૂટ આ હત્યા પાછળનું પ્રાથમિક કારણ હોવાનું મનાય છે. આ ગુનામાં કોબ ગામની કુખ્યાત 'યાગી ગેંગ'ના શખ્સો સંડોવાયેલા હોવાની આશંકા સેવાઈ રહી છે. ઘટનાના પગલે નવાબંદર પોલીસ તુરંત દોડી ગઈ હતી અને મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ઉના ખસેડીને ફરાર આરોપીઓને પકડવા ચક્રો ગતિમાન કર્યા છે.

# સુરતમાં લગ્નના પાંચ જ મહિનામાં પતિએ પત્નીની લાકડાના ફટકા મારી હત્યા કરી

સુરત,તા.૦૧

સુરત જિલ્લાના ઓલપાડ તાલુકાના મુલદ ગામે એક અત્યંત ચોંકાવનારી અને દુખદ ઘટના સામે આવી છે. અહીં માત્ર પાંચ મહિના પહેલાં જ ભાગીને પ્રેમલગ્ન કરનાર નિલેશ મઈડા અને દુર્ગા મઈડાના સંબંધોનો કરુણ અંત આવ્યો છે.

ઘરઆંગણે થયેલી એક સામાન્ય ઘરેલુ બોલાચાલીએ ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યું હતું. જેમાં ગુસ્સે ભરાયેલા પતિ નિલેશે પત્ની દુર્ગાના માથાના ભાગે લાકડાના ફટકા મારી ગંભીર ઈજાઓ પહોંચાડી હતી. ગંભીર હાલતમાં દુર્ગાને તાત્કાલિક નજીકની હોસ્પિટલ ખસેડવામાં આવી હતી, જ્યાં તબીબોએ તેને મૃત જાહેર કરી હતી.ઘટના અંગે મૃતકના ભાઈએ કીમ પોલીસને જાણ કરતાં પોલીસે ત્વરિત કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસે ગણતરીના કલાકોમાં જ આરોપી પતિ નિલેશ મઈડાની ધરપકડ કરી આગળની કાયદેસરની તપાસ શરૂ કરી છે.

# ગુજરાતમાં રાજ્યસભાની ચૂંટણીની ગરમાવો: રાજકીય સમીકરણો તેજ

અમદાવાદ,તા.૦૧



ગુજરાતમાં રાજ્યસભાની ચાર બેઠકોની આગામી ચૂંટણીને લઈને રાજકીય ગતિવિધિઓ ખૂબ જ તેજ થઈ ગઈ છે. આજે આ બેઠકો માટે ઉમેદવારી પત્રો ભરવાની સત્તાવાર સૂચના બહાર પડવાની છે, જ્યારે ફોર્મ ભરવાની છેલ્લી તારીખ ૮ જૂન નક્કી કરાઈ છે. ભારતીય જનતા પાર્ટીમાં ઉમેદવારોના નામ નક્કી કરવા માટે આંતરિક મંથન શરૂ થઈ ચૂક્યું છે. પક્ષ સામાજિક જ્ઞાતિ સમીકરણો અને ૨૦૨૭ની વિધાનસભા ચૂંટણીને ધ્યાનમાં રાખીને નવા ચહેરાઓને તક આપે તેવી પ્રબળ શક્યતા છે. સૌરાષ્ટ્રના રાજકીય વર્તુળોમાં પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણીના પત્ની અંજલિબેન રૂપાણીના નામની ચર્ચા મોખરે છે. વર્તમાન સમયમાં ભાજપ પાસે પૂરતું સંખ્યાબળ હોવાથી આ ચૂંટણી માત્ર એક ઔપચારિકતા બની રહેશે અને પરિણામો બાદ રાજ્યસભામાં કોંગ્રેસનું પ્રતિનિધિત્વ શૂન્ય થઈ જશે.

# મુન્દ્રામાં એક્ટિવ કાર્ગો મૂવર્સ કંપનીમાં કલમાર મશીન નીચે કચડાતાં બે કામદારોનાં મોત

ભુજ,તા.૦૧



મુન્દ્રાના પ્રાગપર વિસ્તારમાં આવેલી એક્ટિવ કાર્ગો મૂવર્સ કંપનીમાં એક અત્યંત દુઃખદ અને ગંભીર અકસ્માત સર્જાયો છે. કંપનીના પરિસરમાં રોજિંદી કામગીરી ચાલી રહી હતી તે દરમિયાન એક કલમાર મશીન રિવર્સ લેવામાં આવી રહ્યું હતું. આ વખતે ત્યાં ફરજ પર હાજર સુપરવાઈઝર નદીમ અને શ્રમિક રાજકુમાર યાદવ અચાનક આ ભારેભરખમ મશીનની અડફેટે આવી ગયા હતા અને તેની નીચે કચડાયા હતા. આ ભયાનક અકસ્માતને પગલે સમગ્ર કંપની પરિસરમાં ભારે અફરાતફરી અને હડકંપ મચી ગયો હતો. લોહીલુહાણ હાલતમાં બંને ઈજાગ્રસ્ત કર્મચારીઓને તાત્કાલિક સારવાર અર્થે ભુજની જી.કે. જનરલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા, જ્યાં ટૂંકી સારવાર દરમિયાન બંને કમનસીબ કામદારોએ દમ તોડ્યો હતો.આ હૃદયદ્રાવક ઘટનાને પગલે સ્થાનિક ઔદ્યોગિક વિસ્તારોમાં કામદારોની સુરક્ષા અને સલામતીના નિયમોના પાલનને લઈને ફરી એકવાર ગંભીર સવાલો ઊભા થયા છે. અકસ્માત અંગે કંપની તંત્ર દ્વારા હજુ સુધી કોઈ સત્તાવાર સ્પષ્ટતા કે નિવેદન જાહેર કરવામાં આવ્યું નથી. ઘટનાની જાણ થતાં જ પોલીસ કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગયો હતો અને અકસ્માતનો ગુનો નોંધીને આ સમગ્ર મામલે તપાસ હાથ ધરી છે.

# હોંગકોંગ એશિયન એથ્લેટિક્સમાં કોડીનારની પૂર્વ વિદ્યાર્થીનીએ જીત્યો રજત ચંદ્રક

કોડીનાર,તા.૦૧



ચોરવાડ ગામની ૧૯ વર્ષીય ઉભરતી સ્પ્રિન્ટર કાજલ વાજાએ હોંગકોંગમાં યોજાયેલી ૨૧મી એશિયન અંડર-૨૦ એથ્લેટિક્સ ચેમ્પિયનશિપની મહિલા રિલે સ્પર્ધામાં ભારતને રજત ચંદ્રક અપાવ્યો છે. ભારતીય ટીમે ૪૫.૦૫ સેકન્ડનો સમય નોંધી જૂનો રાષ્ટ્રીય રેકોર્ડ તોડ્યો હતો. ખેત મજૂરી કરતા પિતાની પુત્રી કાજલે આ સ્પર્ધા માટે ધોરણ-૧૨માં એક વર્ષનો ડ્રોપ લઈ સખત તાલીમ મેળવી હતી.વર્ષ ૨૦૧૯ થી ૨૦૨૩ દરમિયાન કોડીનારની સોમનાથ એકેડેમી ડી.એલ.એસ. એસ. શાળામાં રમતગમતના પાઠ શીખનાર કાજલ હાલ નડિયાદ હાઈ-પરફોર્મન્સ સેન્ટરમાં તાલીમ મેળવે છે. આ અગાઉ તેણીએ ૨૦૨૫માં દક્ષિણ એશિયન ચેમ્પિયનશિપમાં રજત અને ભુવનેશ્વરમાં ૬૦ મીટર દોડમાં રાષ્ટ્રીય રેકોર્ડ સાથે સુવર્ણ ચંદ્રક જીત્યો હતો.

# નિવૃતિના એક દિવસ પહેલા જ રાજકોટના એસીપી ડીસમીસ

રાજકોટ,તા.૦૧

રાજકોટ શહેર પોલીસના કંટ્રોલ રૂમ એસીપી તરીકે ફરજ બજાવતા વિનાયક જી. પટેલ ૩૧ મેના રોજ વય મર્યાદાના કારણે નિવૃત થવાના હતા. જોકે, તેઓ નિવૃત્તિની રાહ જોઈ રહ્યા હતા તેના બરાબર એક દિવસ પૂર્વે એટલે કે ૩૦ મેના રોજ સાંજે ગૃહ વિભાગ દ્વારા તેમને તાત્કાલિક અસરથી ડિસમિસ કરતો હુકમ જાહેર કરાતા સમગ્ર પોલીસ બેડામાં ભારે ચકચાર મચી ગઈ છે. તેમની સામેની આ કડક કાર્યવાહી પાછળનું મુખ્ય કારણ વડોદરાનું છે. એસીપી પટેલ જ્યારે વડોદરાના એચ ડિવિઝનમાં ફરજ પર હતા, ત્યારે મકરપુરા પોલીસ સ્ટેશનમાં જુગારનો એક ગુનો નોંધાયો હતો. આ કેસમાં કાયદાકીય મદદ કરવાના બદલે તેમણે મુખ્ય આરોપી સંજય ઉર્ફે ભુરો અમૃતલાલ છગાણીને પોલીસ પકડથી બચવા માટે પોતાના ઘરે ન રહેવાની ગેરકાયદેસર સલાહ આપી હતી.

# રાજકોટમાં ધીરેન્દ્ર શાસ્ત્રીના દિવ્ય દરબાર પૂર્વે વિવાદ: સવાલ ઉઠાવનાર વકીલને જાનથી મારી નાખવાની ધમકી

રાજકોટ,તા.૦૧

રાજકોટમાં આગામી ૫ થી ૭ જૂન દરમિયાન બાગેશ્વર ધામના પીઠાધીશ્વર ધીરેન્દ્ર કૃષ્ણ શાસ્ત્રીના ત્રિ-દિવસીય 'દિવ્ય દરબાર'નું આયોજન કરવામાં આવ્યું છે. પરંતુ કાર્યક્રમ શરૂ થાય તે પહેલાં જ વિવાદ વકરતાં વાતાવરણ ગરમાયું છે. બાબાની દિવ્ય શક્તિઓ સામે સવાલ ઉઠાવનાર રાજકોટના એડવોકેટ પુરુષોત્તમ પીપળિયાને સોશિયલ મીડિયા પર જાનથી મારી નાખવાની ધમકીઓ મળી હોવાનો ચોંકાવનારો દાવો કરાયો છે. વકીલે જણાવ્યું કે તેઓ સનાતન ધર્મના નહીં, પરંતુ ધર્મની આડમાં થતા પ્રપંચના વિરોધી છે. બીજી તરફ, 'વિજ્ઞાન જાથા' સંસ્થાના ચેરમેન જયંત પંડ્યાએ પણ આ કાર્યક્રમ સામે વિરોધ નોંધાવ્યો છે. તેમણે સ્પષ્ટ કર્યું કે તેઓ આસ્થાના સમર્થક છે, પરંતુ ધર્મના નામે અંધશ્રધ્ધા ફેલાવતા ચમત્કારોના કટ્ટર વિરોધી છે. દિવ્ય દરબારને હવે ગણતરીના દિવસો બાકી છે ત્યારે એક તરફ ભક્તોમાં ભારે ઉત્સાહ છે, તો બીજી તરફ આ વિરોધી સૂરને પગલે રાજકોટમાં કાયદો અને વ્યવસ્થા જાળવવા તંત્ર એલર્ટ બને તેવી શક્યતા છે.

# ભિલોડા-સોમનાથ બસને હવે કોડીનાર સુધી લંબાવતા મુસાફરોમાં ખુશીનો માહોલ

કોડીનાર, તા.૦૧

હિંમતનગર એસટી વિભાગના ભિલોડા ડેપો સંચાલિત ભિલોડા-સોમનાથ બસ સેવાને મુસાફરોની સતત રજૂઆતો બાદ હવે કોડીનાર સુધી લંબાવવામાં આવી છે. આ નિર્ણયથી કોડીનાર તાલુકાની જનતામાં આનંદની લાગણી પ્રસરી ગઈ છે. આ રૂટ વિસ્તરણના કારણે સ્થાનિક લોકોને ચોટીલા, લીંબડી, અમદાવાદ, પ્રાંતિજ, હિંમતનગર, ભિલોડા અને શામળાજી જવા માટે સીધી બસ સુવિધા ઉપલબ્ધ થઈ છે. સમયપત્રક મુજબ આ બસ ભિલોડાથી બપોરે ૧:૪૫ વાગ્યે ઉપડીને બીજા દિવસે વહેલી સવારે ૫:૧૫ વાગ્યે કોડીનાર પહોંચાડશે. એ જ રીતે વળતા રૂટમાં કોડીનારથી બપોરે ૨:૪૫ વાગ્યે ઉપડીને બીજા દિવસે વહેલી સવારે ૫:૪૫ વાગ્યે ભિલોડા પહોંચશે.



**CHANGE OF NAME**

I Undersign I HIRANI AKHTARHUSAIN AKABARALI have changed my name from HIRANI AKHATARHUSEN AKABARALI To HIRANI AKHTARHUSAIN AKABARALI (New) Now i will be known as HIRANI AKHTARHUSAIN AKABARALI (new)

Sign : HIRANI AKHTARHUSAIN AKABARALI

Address: MAIN BAJAR,AT-MITHAPUR NAKKI-DIST-AMRELI-365640

# ઉના-દેલવાડા રોડ પર ભૂંડને બચાવવા જતાં કાર વીજ સબસ્ટેશન સાથે અથડાઈ

ઉના,તા.૦૧



દીવથી પરત ફરી રહેલા મહુવાના પાંચ પ્રવાસીઓનો આબાદ બચાવ, વિસ્તારમાં વીજ પુરવઠો ખોરવાયો

દીવથી મહુવા પરત ફરી રહેલા પાંચ પ્રવાસીઓની કારને ઉના-દેલવાડા રોડ પર માતંગી હોટેલ નજીક અકસ્માત નડ્યો હતો. બપોરના સમયે રસ્તા પર અચાનક ભૂંડ આડું ઉતરતાં તેને બચાવવાના પ્રયાસમાં ચાલકે કાર પરનો કાબૂ ગુમાવ્યો હતો. આથી કાર રોડ નજીક આવેલા વીજ સબસ્ટેશનના થાંભલા સાથે ધડાકાભેર અથડાઈ હતી.

કાર અથડાતાં જ વીજ વાયરો તૂટી પડ્યા હતા અને સમગ્ર વિસ્તારની વીજળી ગુલ થઈ ગઈ હતી.

સદનસીબે, કારમાં સવાર તમામ પ્રવાસીઓએ સમયસૂચકતા વાપરીને તાત્કાલિક બહાર નીકળી જતાં તેમનો આબાદ બચાવ થયો હતો. અકસ્માતને પગલે હાઈવે પર ટ્રાફિક જામ સર્જાયો હતો. ઘટનાની જાણ થતાં PGVCL અને પોલીસની ટીમ ઘટનાસ્થળે દોડી આવી હતી અને વાહનને બહાર કાઢી વાહનવ્યવહાર પૂર્વવત કર્યો હતો. જાનહાનિ ન થતાં તંત્રએ રાહતનો શ્વાસ લીધો હતો.

# કેરળમાં ચોમાસાનું આગમન લંબાયુ, હવે આવતીકાલે પ્રવેશ કરે તેવી સંભાવના

**રાજસ્થાનમાં પશ્ચિમી વિક્ષેપને કારણે વાવાઝોડા સાથે વરસાદ પડતાં ગરમીથી રાહત**



નવી દિલ્હી,તા.૦૧

વર્ષ ૨૦૨૬માં ભારતમાં ચોમાસું તેના સામાન્ય સમય કરતાં મોડું ચા લી રહ્યું છે. ભારતીય હવામાન વિભાગ (IMD) એ કેરળમાં ચોમાસાના આગમનની તારીખ લંબાવીને હવે ૩ જૂન પછીની કરી છે. અરબી સમુદ્ર પર પશ્ચિમી પવનોની ધીમી ગતિ આ વિલંબનું મુખ્ય કારણ છે. હાલમાં દિલ્હી અને ઉત્તર ભારતમાં જે વરસાદ પડી રહ્યો છે તે ભારે ગરમીના કારણે સર્જાયેલા 'હીટ ડોમ'ની અસર છે, ચોમાસાનો નહીં. વધુમાં, સપ્ટેમ્બર ૨૦૨૬થી ફેબ્રુઆરી ૨૦૨૭ વચ્ચે અલ નીનો સક્રિય થવાની સંભાવનાને લીધે આ વર્ષે સામાન્ય કરતાં ઓછો (૯૦%) વરસાદ થવાની ધારણા છે, જે ખેતી માટે ચિંતાજનક છે. બીજી તરફ, રાજસ્થાનમાં પશ્ચિમી વિક્ષેપને કારણે વાવાઝોડા સાથે વરસાદ પડતાં ગરમીથી રાહત મળી છે. જોકે, ઝારખંડમાં ભારે વરસાદ અને વીજળી પડવાની અલગ-અલગ ઘટનાઓમાં પાંચ લોકોના કરુણ મોત નીપજ્યા છે.

# મે મહિનામાં દેશનું જીએસટી કલેક્શન ૩.૨% વધીને રૂા. ૧.૯૪ લાખે પહોંચ્યુ

નવી દિલ્હી,તા.૦૧

મે ૨૦૨૬ ના સરકારી ડેટા અનુસાર, દેશનું જીએસટી (GST) કલેક્શન વાર્ષિક ધોરણે ૩.૨ ટકા વધીને ૧.૯૪ લાખ કરોડ રૂપિયાથી વધુ નોંધાયું છે, જે મે ૨૦૨૫ માં ૧.૮૮ લાખ કરોડ હતું. આ વધારો માલ અને સેવાઓના મજબૂત સ્થાનિક પુરવઠા, આયાત કરમાં વૃધ્ધિ અને મજબૂત ગ્રાહક માંગને આભારી છે. મે મહિનાના કલેક્શનમાં સેન્ટ્રલ જીએસટીના ૩૭,૩૯૭ કરોડ, સ્ટેટ જીએસટીના ૪૫,૧૪૩ કરોડ અને ઈન્ટિગ્રેટેડ જીએસટી (IGST) ના ૫૧,૯૯૦ કરોડ રૂપિયા સામેલ છે.




નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ ના પ્રથમ બે મહિના (એપ્રિલ-મે) નું કુલ કલેક્શન ૬.૨ ટકાની વૃધ્ધિ સાથે ૪.૩૭ લાખ કરોડ પર પહોંચ્યું છે. રિફંડની પતાવટ પછી, મે મહિનાની ચોખ્ખી જીએસટી આવક ૩.૩ ટકા વધીને આશરે ૧.૬૭ લાખ કરોડ થઈ છે. નિષ્ણાતોના મતે, જીએસટી ૨.૦ હેઠળના કર સુધારા આવકને નુકસાન પહોંચાડ્યા વિના વપરાશ અને ઔદ્યોગિક ક્ષમતાના વિસ્તરણને વેગ આપી રહ્યા છે. આગામી કાઉન્સિલની બેઠકમાં વેપારની સરળતા વધારવા માટે વધુ પગલાં લેવાય તેવી આશા છે.

# તમિલનાડુ ભાજપના પૂર્વ પ્રદેશ પ્રમુખ અન્નામલાઈ નવી પાર્ટી બનાવે તેવી અટકળો

ચેન્નઈ,તા.૦૧




તાજેતરના અહેવાલ મુજબ, તમિલનાડુ ભાજપના પૂર્વ પ્રદેશ પ્રમુખ કે. અન્નામલાઈ પક્ષથી નારાજ હોવાની અને નવી પાર્ટી 'મક્કલ શક્તિ ઈયક્કમ" શરૂ કરે તેવી અટકળો તેજ થઈ છે. તેમણે ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ નીતિન નવીન સાથે મુલાકાતનો સમય માંગ્યો છે અને તેઓ ૩ જૂને કોઈ મોટો નિર્ણય લઈ શકે છે. મોદી સરકારની ત્રિ-ભાષા નીતિનો વિરોધ અને AIADMK સાથેના ગઠબંધનથી તેઓ નાખુશ હતા. તમિલનાડુ ચૂંટણીમાં જોસેફ વિજયની TVK પાર્ટીએ સરકાર બનાવી છે.

# દાઉદ અને છોટા શકિલનો સાથી મુન્ના ઝિંગાડા કરાચીમાં જેહાદી બ્રિગેડ તૈયાર કરતો હોવાનો ખુલાસો

નવી દિલ્હી,તા.૦૧

દિલ્હી પોલીસના સ્પેશિયલ સેલ દ્વારા દેશના વિવિધ ભાગોમાંથી ISI સાથે જોડાયેલા શંકાસ્પદોની ધરપકડ બાદ મુંબઈ અંડરવર્લ્ડ મોડ્યુલ અંગે ચોંકાવનારો ખુલાસો થયો છે. અહેવાલ અનુસાર, દાઉદ ઈબ્રાહિમ અને છોટા શકીલનો નજીકનો સાથી મુન્ના ઝિંગાડા (ઝીગરા) કરાચી સ્થિત સેફ હાઉસમાંથી વિડીયો કોલ દ્વારા ભારતમાં એક નવી 'જેહાદી બ્રિગેડ'તૈયાર કરી રહ્યો હતો. આ સેફ હાઉસ દાઉદના વ્હાઈટ હાઉસથી માત્ર ચાર કિલોમીટર દૂર આવેલું છે. દાઉદ અને છોટા શકીલની મોટી ઉંમરના કારણે અંડરવર્લ્ડ પર ફરી નિયંત્રણ મેળવવા માટે મુન્ના ઝિંગાડા પર દાવ ખેલાયો છે. તે ભારતમાં હથિયારો, હેન્ડ ગ્રેનેડ અને ડ્રગ્સ (હેરોઈન) સપ્લાય કરીને ૨૦ લાખ રૂપિયાના ખર્ચે મોટી તબાહી મચાવવાની ફિરાકમાં હતો, જે માટે ગુરદાસપુરમાં હથિયારો પણ પહોંચાડાયા હતા. જોકે, ભારતીય સુરક્ષા એજન્સીઓએ આ યોજનાને સમયસર નિષ્ફળ બનાવી દીધી છે અને મુંબઈમાં તેના અન્ય સાથીઓને પકડવા માટે દરોડા ચાલુ છે.



# કર્ણાટક મંત્રીમંડળ અને ડેપ્યુટી સીએમ પદ અંગે ચાલતી ખેંચતાણ


બેંગ્લુર,તા.૦૧



કર્ણાટકના મુખ્યમંત્રી તરીકે ડી.કે. શિવકુમારના શપથ ગ્રહણ પહેલાં નવા મંત્રીમંડળની રચના અંગે બેંગલુરુથી દિલ્હી સુધી રાજકીય ચર્ચાઓ તેજ થઈ છે. કોંગ્રેસ હાઈકમાન્ડ સરકારમાં ચાર નાયબ મુખ્યમંત્રીઓ (ડેપ્યુટી સીએમ) નિયુક્ત કરવા ઈચ્છે છે, પરંતુ ડી.કે. શિવકુમાર આ પ્રસ્તાવના પક્ષમાં નથી. આ વિવાદ અને મંત્રીઓની યાદી આખરી કરવા માટે શિવકુમાર અને પૂર્વ સીએમ સિદ્ધારમૈયા દિલ્હી પહોંચ્યા છે. ૩ જૂને ૯ થી ૧૪ મંત્રીઓ શપથ લે તેવી સંભાવના છે.

# કુર્નૂલમાં આરસીબીની જીત થતા ચાહકોએ બસમાં તોડફોડ કરી પથ્થરમારો કર્યો

કુર્નૂલ,તા.૦૧



આપેલા અહેવાલ અનુસાર, આઈપીએલ (IPL) ફાઈનલમાં આરસીબી (RCB) ની જીત બાદ આંધ્રપ્રદેશના કુર્નૂલ જિલ્લામાં એક હિંસક ઘટના સામે આવી છે. મેચ પૂરી થયા પછી મોડી રાત્રે સેંકડો ચાહકો ધ્વજ અને બેનરો સાથે ઉજવણી કરવા રસ્તાઓ પર ઉતરી આવ્યા હતા. જોકે, વિજયના ઉત્સાહમાં હોશ ગુમાવીને કેટલાક નશાબાજ યુવાનોએ રાજુ વિહાર સેન્ટર પર ટ્રાફિક જામ કરી દીધો હતો અને વ્યાપક અરાજકતા સર્જી હતી. ઉશ્કેરાયેલા સમર્થકોએ રસ્તાની બાજુમાં પાર્ક કરેલી એક ખાનગી બસને રોકીને તેના પર ભારે પથ્થરમારો કર્યો હતો. આ હુમલામાં બસની બારીઓ અને આગળની વિન્ડશિલ્ડ તૂટી ગઈ હતી, જેનાથી અંદર બેઠેલા મુસાફરો ભારે ગભરાઈ ગયા હતા. ઘટનાની જાણ થતાં જ પોલીસે તાત્કાલિક સ્થળ પર પહોંચીને પરિસ્થિતિને કાબૂમાં લીધી હતી અને ભીડને વિખેરી નાખી હતી. કુર્નૂલના સર્કલ ઈન્સ્પેક્ટરે જણાવ્યું છે કે સીસીટીવી (CCTV) ફૂટેજના આધારે તોડફોડ કરનારા તત્વોની ઓળખ કરવામાં આવી રહી છે અને જાહેર મિલકતને નુકસાન પહોંચાડવા બદલ તેમની સામે કડક કાનૂની કાર્યવાહી કરવામાં આવશે.

# સુપ્રીમ કોર્ટમાં પાંચ નવા ન્યાયાધીશોની નિમણૂંકને કેન્દ્ર સરકારે મંજૂરી આપી

નવી દિલ્હી,તા.૦૧

કેન્દ્ર સરકારે સુપ્રીમ કોર્ટમાં પાંચ નવા ન્યાયાધીશોની નિમણૂકને મંજૂરી આપી દીધી છે. કાયદા મંત્રાલયે સોમવારે સવારે આ અંગેની સત્તાવાર સૂચનાઓ બહાર પાડી હતી. આ નવી નિમણૂકોમાં સુપ્રીમ કોર્ટના વરિષ્ઠ વકીલ વેંકિતા સુબ્રમણ્ય મોહના (વી. મોહના) ઉપરાંત ચાર અલગ-અલગ હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશો-શ્રી ચંદ્રશેખર (બોમ્બે), શીલ નાગુ (પંજાબ અને હરિયાણા), સંજીવ સચદેવ (મધ્યપ્રદેશ), અને અરુણ પલ્લી (જમ્મુ-કાશ્મીર અને લદાખ) નો સમાવેશ થાય છે. કેન્દ્રીય કાયદા મંત્રી અર્જુન રામ મેઘવાલે જણાવ્યું કે ભારતના રાષ્ટ્રપતિએ બંધારણની કલમ ૧૨૪(૨) હેઠળ આ નિમણૂકો કરી છે. હાલમાં જ સરકારે એક વટહુકમ દ્વારા સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશોની મહત્તમ મંજૂર સંખ્યા ૩૪ થી વધારીને ૩૮ કરી હતી. ૨૭ મેના રોજ કોલેજિયમે આ નામોની ભલામણ કરી હતી અને માત્ર ચાર દિવસમાં જ સરકારે તેને મંજૂરી આપી દીધી છે. શપથ ગ્રહણ પછી કોર્ટમાં ન્યાયાધીશોની કુલ સંખ્યા ૩૭ થશે અને માત્ર એક પદ ખાલી રહેશે.



આ વિસ્તરણનો મુખ્ય હેતુ કેસોનો બેકલોગ (બાકી કેસો) ઘટાડવાનો અને બંધારણીય બેન્ચોની નિયમિત રચનાને વેગ આપવાનો છે.

# શિમલામાં ૧૫ વર્ષીય સગીરા પર ૧૪ વર્ષીય સગાભાઈએ દુષ્કર્મ આચરતા ચકચાર

શિમલા,તા.૦૧



હિમાચલ પ્રદેશના શિમલા જિલ્લાના સદર પોલીસ સ્ટેશન વિસ્તાર હેઠળ એક અત્યંત આઘાતજનક ઘટના સામે આવી છે. ૧૫ વર્ષની સગીર કન્યા પર તેના જ ૧૪ વર્ષના સગા ભાઈ દ્વારા બળાત્કાર ગુજારવામાં આવ્યો હોવાનો આરોપ છે. છોકરીને છેલ્લા બે થી ત્રણ મહિનાથી માસિક ધર્મ ન આવતાં અને તબિયત બગડતાં પરિવાર તેને નેરચોક મેડિકલ કોલેજ લઈ ગયો હતો, જ્યાં ડોક્ટરોએ તે ગર્ભવતી હોવાની પુષ્ટિ કરી હતી.

ત્યારબાદ પીડિતાની પૂછપરછ કરતાં આ કાળા કરતૂતનો ખુલાસો થયો હતો. પીડિતાની માતાની ફરિયાદના આધારે પોલીસે આરોપી કિશોર વિરુધ્ધ ભારતીય ન્યાય સંહિતા (અગાઉની આઈપીસી) અને પોક્સો (POCSO) એક્ટ હેઠળ એફઆઈઆર (FIR) નોંધી કાયદેસરની તપાસ હાથ ધરી છે.

# ઈરાનના રાષ્ટ્રપતિ મસૂદ પેઝેશ્કિયાએ પદ પરથી અચાનક રાજીનામું ધરી દીધું

વોશિંગ્ટન,તા.૦૧



અમેરિકા સાથેના તણાવ વચ્ચે ઈરાનના રાષ્ટ્રપતિ મસૂદ પેઝેશ્કિયાને પદ પરથી રાજીનામું આપ્યું છે. તેમણે સુપ્રીમ લીડર મોજતબા ખામેનીને પત્ર લખી આરોપ લગાવ્યો કે ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ (IRGC) ના ઉગ્રવાદી જૂથોએ દેશના વહીવટ અને મહત્વપૂર્ણ નિર્ણયો પર સંપૂર્ણ નિયંત્રણ મેળવી લીધું છે. આનાથી ચૂંટાયેલી સરકાર નબળી પડી છે અને કોઈ નીતિગત ફેરફાર કે યુએસ સાથે શાંતિ કરાર કરી શકતી નથી. આ મડાગાંઠને કારણે તેમણે પદ છોડવાનો નિર્ણય કર્યો છે.

# મુંબઈ-પુણે એક્સપ્રેસ વે પર ત્રિપાંખીયા અકસ્માતમાં બે લોકોના થયા કરુણ મોત


મુંબઈ,તા.૦૧



સોમવારે વહેલી સવારે મુંબઈ-પુણે એક્સપ્રેસ વે પર ખોપોલી નજીક એક ગંભીર માર્ગ અકસ્માત સર્જાયો હતો. પુણેથી મુંબઈ તરફ જઈ રહેલા ચોખા ભરેલા એક ટ્રકના ચાલકે કાબૂ ગુમાવતાં, ટ્રક આગળ ચાલતા ખાદ્ય તેલના કન્ટેનર સાથે ધડાકાભેર અથડાઈ હતી. આ દરમિયાન નજીકમાંથી પસાર થતી એક અર્ટિગા કાર પણ અકસ્માતનો ભોગ બની હતી. આ ભયાનક ટક્કરમાં ટ્રકના ડ્રાઈવર અને ક્લીનરનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું, જ્યારે અન્ય ત્રણ મુસાફરો (લીલાબાઈ સાસ્તે, મુકિંદા સાસ્તે અને મહેન્દ્ર પાલ) ઘાયલ થયા હતા. અકસ્માતના કારણે રસ્તા પર ચોખાની બોરીઓ અને ખાદ્ય તેલ ઢોળાઈ જતાં એક્સપ્રેસ વેની ચારેય લેન પર કલાકો સુધી ટ્રાફિક જામ રહ્યો હતો. હાઈવે પોલીસ અને વિવિધ બચાવ એજન્સીઓએ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી વાહનો હટાવી વાહનવ્યવહાર પૂર્વવત કર્યો હતો.

# કોકરોચ જનતા પાર્ટીના સ્થાપક અભિજીત દીપક ૬ જૂને ભારત આવી જંતર-મંતર પર વિરોધ પ્રદર્શન કરશે

નવી દિલ્હી,તા.૦૧




આપેલા અહેવાલ અનુસાર, કોકરોચ જનતા પાર્ટીના સ્થાપક અભિજીત દીપકે સોમવારે એક મોટી જાહેરાત કરી છે કે તેઓ ૬ જૂને ભારત પરત ફરશે. તેઓ વિવિધ શૈક્ષણિક પરીક્ષાઓ (જેવી કે NEET, CBSE, CUET, SSC, GD) માં થયેલી ગેરરીતિઓના વિરોધમાં કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની માંગ સાથે દિલ્હીના જંતર-મંતર પર શાંતિપૂર્ણ પ્રદર્શન કરશે. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર જારી કરેલા વીડિયો સંદેશમાં તેમણે દાવો કર્યો કે આ પરીક્ષાઓના વિવાદોને કારણે દેશના ૧ કરોડથી વધુ વિદ્યાર્થીઓનું ભવિષ્ય ચિંતામાં મુકાયું છે અને આ માટે સત્તાધારીઓએ જવાબદારી લેવી જ જોઈએ.

તેમણે સમર્થકો અને વિદ્યાર્થીઓને ૬ જૂને સવારે દિલ્હી એરપોર્ટ પર એકઠા થવા અને ત્યારબાદ વિરોધ પ્રદર્શનની મંજૂરી મેળવવા સંસદ માર્ગ પોલીસ સ્ટેશન જવા અપીલ કરી છે. દીપકે સ્પષ્ટ કર્યું કે આ પ્રદર્શન સંપૂર્ણપણે અહિંસક અને બંધારણીય રહેશે. જોકે, તેમના માતા-પિતા કાનૂની કાર્યવાહી અને ધરપકડની આશંકાથી ચિંતિત છે, તેમ છતાં તેઓ પોતાના નિર્ણય પર અડગ છે અને આશા વ્યક્ત કરી છે કે પ્રશાસન આ લોકશાહી વિરોધને અટકાવશે નહીં.

# મ્યાનમારમાં વિસ્ફોટકોના સંગ્રહસ્થાનમાં પ્રચંડ બ્લાસ્ટ થતા ૪૫ થી વધુ લોકોના મોત

નામખામ,તા.૦૧



આપેલા અહેવાલ અનુસાર, ચીન સરહદથી માત્ર ૩ કિલોમીટર દૂર ઉત્તરપૂર્વીય મ્યાનમારના શાન રાજ્યમાં આવેલી નામખામ ટાઉનશીપના કૌંગટુપ ગામમાં એક ભયાનક વિસ્ફોટ થયો છે. આ દુર્ઘટનામાં બાળકો સહિત ૪૫ થી ૫૫ લોકોના મોત નીપજ્યા છે, જ્યારે ૭૪ થી વધુ લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે. વિસ્ફોટ એટલો પ્રચંડ હતો કે આસપાસના ૧૦૦ થી વધુ ઘરો સંપૂર્ણપણે નાશ પામ્યા છે અથવા તેમને ભારે નુકસાન થયું છે.

પ્રારંભિક તપાસ મુજબ, આ વિસ્ફોટ ખાણકામ અને પથ્થરો તોડવા માટે સંગ્રહિત કરવામાં આવેલા વ્યાપક વિસ્ફોટકો (જેમ કે ગેલીગ્નાઈટ) ના કારણે થયો હતો. આ ઈમારત સ્થાનિક વંશીય સશસ્ત્ર જૂથ 'તાઆંગ નેશનલ લિબરેશન આર્મી' (TNLA) ના આર્થિક વિભાગની માલિકીની હતી. સંગઠને સ્પષ્ટતા કરી છે કે આ સામગ્રી ખાણકામ માટે હતી, શસ્ત્રો માટે નહીં. વર્ષ ૨૦૨૧ માં લશ્કરી બળવા પછી મ્યાનમારનો આ પ્રદેશ પહેલેથી જ અશાંત છે. હાલમાં સ્થાનિક વહીવટીતંત્ર દ્વારા કાટમાળ હટાવીને બચાવ કામગીરી અને રાહત પ્રવૃત્તિઓ ચલાવવામાં આવી રહી છે.

## એક મહિનામાં શ્વાનોના હુમલાની ચોથી ઘટના છતાં તંત્રનું ગરીબો પર અટ્ટહાસ્ય

# વડીયાના ખાન ખીજડીયા વાડી વિસ્તારમાં શ્વાનોએ વધુ એક બાળકને ફાડી ખાધો

**તંત્રની બેદરકારીને કારણે કેટલા નિર્દોષ બાળકોનો ભોગ લેવાશે? ગ્રામજનોનો સવાલ**

વડીયા,તા.૦૧

વડિયા તાલુકા હેઠળ આવતા ખાન ખીજડીયા ગામમાંથી એક અત્યંત હૃદયદ્રાવક અને કંપારી છૂટી જાય તેવી ઘટના સામે આવી છે. ખાન ખીજડીયા ગામના સીમ અને વાડી વિસ્તારમાં છેલ્લા કેટલાક સમયથી રખડતા, ભટકતા અને લોહીતરસ્યા બનેલા હિંસક શ્વાનોનો આતંક દિન-પ્રતિદિન બેકાબૂ બની રહ્યો છે. આ માનવભક્ષી પ્રાણીઓએ વધુ એક વખત માનવતાને શર્મસાર કરતો હુમલો કરીને એક નિર્દોષ માસૂમ બાળકનો જીવ છીનવી લીધો છે. આ ઘટનાને પગલે માત્ર ખાન ખીજડીયા ગામ જ નહીં, પરંતુ આજુબાજુના તમામ ગ્રામ્ય વિસ્તારો અને સમગ્ર પંથકના લોકોમાં ભારે ફફડાટ અને ભયનો માહોલ વ્યાપી ગયો છે. પ્રાપ્ત થતી વિગતો અનુસાર, મૂળ પરપ્રાંતિય અથવા અન્ય વિસ્તારમાંથી આવીને અહીં વાડી વિસ્તારમાં રહીને ખેત મજૂરી કરતા શ્રમિક પરિવાર પર આભ તૂટી પડ્યું છે. બારીયા મગનભાઈ ચીમનભાઈ નામનો ખેત મજૂર પરિવાર વાડીમાં રહીને પોતાનું ગુજરાન ચલાવે છે. ઘટનાના સમયે મગનભાઈ ખેતરમાં પાકને પાણી પાઈ રહ્યા હતા અને ખેતી કાર્યમાં વ્યસ્ત હતા. તે દરમિયાન તેમના ઘર આંગણે તેમનો સાત વર્ષનો માસૂમ દીકરો રોમિત અને તેની નાની બહેન બંને નિર્દોષ ભાવે રમી રહ્યા હતા. આ સમયે અચાનક જ ક્યાંકથી ધસી આવેલા હિંસક અને ખૂંખાર શ્વાનોના ટોળાએ આ બાળકો પર જીવલેણ હુમલો કરી દીધો હતો. આ લોહીતરસ્યા શ્વાનો સાત વર્ષના રોમિતને ગંભીર રીતે બચકા ભરીને ઢસડી ગયા હતા.



શ્વાનોએ બાળકના શરીર પર એટલી હદે ક્રૂરતાપૂર્વક હુમલો કર્યો હતો કે માસૂમ રોમિતનું ઘટનાસ્થળે જ અત્યંત કમકમાટીભર્યું અને કરુણ મૃત્યુ નીપજ્યું હતું. બીજી તરફ, તેની નાની બહેને અદભુત કોઠાસૂઝ અને ડરના માર્યા નજીકમાં પડેલા એક પ્લાસ્ટિકના મોટા બેરલમાં કૂદી જઈને પોતાનો જીવ બચાવ્યો હતો. જો દીકરી બેરલમાં ન છુપાઈ હોત, તો કદાચ શ્વાનોએ તેને પણ પોતાનો શિકાર બનાવી દીધી હોત. આ દ્રશ્ય જોઈને વાડી માલિક અને આસપાસના મજૂરો દોડી આવ્યા હતા, પરંતુ ત્યાં સુધીમાં મોડું થઈ ચૂક્યું હતું અને બાળકે દમ તોડી દીધો હતો.ખાન ખીજડીયા ગામમાં છેલ્લા એક જ મહિનાના ટૂંકા ગાળામાં શ્વાનોના હુમલાની આ ચોથી ઘટના સામે આવી છે. આ વિસ્તારમાં રખડતા કૂતરાઓ જાણે સંપૂર્ણપણે આદમખોર બની ગયા હોય તેમ લાગી રહ્યું છે. આ હિંસક પ્રાણીઓ અત્યાર સુધીમાં બે માસૂમ અને આશાસ્પદ બાળકોના ભોગ લઈ ચૂક્યા છે, જ્યારે અન્ય બે બાળકોને બચકા ભરીને ગંભીર રીતે ઘાયલ કર્યા છે, જેઓ હાલ હોસ્પિટલમાં જિંદગી અને મરણ વચ્ચે જોલા ખાઈ રહ્યા છે. વારંવાર બનતી આ ઘટનાઓ સાબિત કરે છે કે સ્થાનિક તંત્ર આ ગંભીર બાબતને લઈને તદ્દન ઉદાસીન છે.

# રાજકોટ બસ પોર્ટ કોમ્પ્લેક્સમાં પોલીસે સ્પાની આડમાં ચાલતા સેક્સ રેકેટનો પર્દાફાશ કર્યો

રાજકોટ,તા.૦૧

રાજકોટ પોલીસે શહેરના હાર્ટ ઓફ ધ સિટી ગણાતા સેન્ટ્રલ બસ પોર્ટ કોમ્પ્લેક્સમાં આવેલા એક સ્પા સેન્ટર પર ઓચિંતો દરોડો પાડીને અનૈતિક દેહવ્યાપારના મોટા નેટવર્કનો પર્દાફાશ કર્યો છે. હજારો મુસાફરો અને નાગરિકોની સતત અવરજવરથી ધમધમતા આ વિસ્તારમાં આયુર્વેદિક મસાજના



નામે ગ્રાહકો પાસેથી મોટી રકમ વસૂલીને આ ગેરકાયદેસર પ્રવૃત્તિ ચલાવવામાં આવતી હતી. પોલીસે ચોક્કસ બાતમીના આધારે ડમી ગ્રાહક મોકલીને આ સમગ્ર પ્લાન સફળ બનાવ્યો હતો. દરોડા દરમિયાન વાંધાજનક સામગ્રી જપ્ત કરવામાં આવી છે અને મજબૂરીવશ આ ધંધામાં ધકેલાયેલી પાંચ યુવતીઓને મુક્ત કરાવી કાઉન્સેલિંગ માટે મોકલાઈ છે. પોલીસે સ્પાના મુખ્ય સંચાલક અને મેનેજર સામે ઈમોરલ ટ્રાફિક પ્રિવેન્શન એક્ટ હેઠળ ગુનો નોંધીને મુખ્ય સૂત્રધારોની શોધખોળ હાથ ધરી છે.

# રાજયમાં હવામાન વિભાગનું હાઈએલર્ટ, વરસાદ સાથે તોફાની પવન ફૂંકાવાની આગાહી

અમદાવાદ,તા.૦૧

ગુજરાતમાં હવામાન વિભાગ દ્વારા આગામી દિવસો માટે ચિંતાજનક આગાહી જાહેર કરવામાં આવી છે. રાજ્યમાં એકસાથે ત્રણ શક્તિશાળી વરસાદી સિસ્ટમ સક્રિય થવાને કારણે સમગ્ર ગુજરાતમાં વ્યાપક વરસાદ, ગાજવીજ અને તોફાની પવન ફૂંકાવાની શક્યતા છે. ઉત્તર, મધ્ય અને દક્ષિણ ગુજરાત સહિત સૌરાષ્ટ્ર-કચ્છના તમામ વિસ્તારોમાં ઓરેન્જ અને યેલો એલર્ટ જાહેર કરાયું છે. વરસાદ દરમિયાન પચાસથી સાંઠ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાઈ શકે છે, જેનાથી વૃક્ષો ધરાશાયી થવાની અને વીજળી પડવાની આશંકા છે. બનાસકાંઠા, પાટણ, અમદાવાદ, વડોદરા, સુરત અને રાજકોટ સહિતના વિવિધ જિલ્લાઓમાં ભારેથી અતિભારે વરસાદ તેમજ કેટલાક સ્થળોએ કરા પડવાની સંભાવના છે. તંત્રને સતર્ક રહેવા સૂચના અપાઈ છે અને દરિયાકાંઠાના વિસ્તારોમાં પવનની ગતિ વધવાની હોવાથી માછીમારોને દરિયો ન ખેડવા ખાસ સલાહ આપવામાં આવી છે. લાંબા સમયની અસહ્ય ગરમી બાદ હવે લોકોને રાહત મળવાની આશા છે.


naari HOSPITAL હોસ્પિટલ
આકર્ષક પગારથી સ્ટાફની જરૂર છે
મેડીકલ ઓફીસર (BHMS / BAMS) દિવસ માટે (લેડીઝ)
આપની CV 9157221324 નંબર ઉપર વોટ્સઅપ કરવું અથવા રૂબરૂ મળવું
naari HOSPITAL હોસ્પિટલ જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.
naarihospitalamreli@gmail.com


# ૧.૧૦ લાખ ગણતરી દારો દ્વારા રાજયમાં વસ્તી ગણતરી શરૂ

અમદાવાદ,તા.૦૧

ગુજરાત સહિત સમગ્ર દેશમાં આજે ૧ જૂનથી 'વસતી ગણતરી-૨૦૨૭'ના પ્રથમ તબક્કાનો વિધિવત પ્રારંભ થઈ ચૂક્યો છે. દેશની ૧૬મી અને આઝાદી પછીની ૮મી જનગણના તરીકે ઈતિહાસમાં અંકિત થનારી આ પ્રક્રિયા રાષ્ટ્રીય સ્તરે પ્રથમવાર સંપૂર્ણપણે ડિજિટલ માધ્યમથી હાથ ધરવામાં આવી રહી છે. રાજ્યના વસતી ગણતરી નિયામક સુજલ જે. મયાત્રાએ આ દેશવ્યાપી મહાઅભિયાનમાં સક્રિય સહભાગી થઈને સાચી વિગતો નોંધાવવા તમામ નાગરિકોને સત્તાવાર અનુરોધ કર્યો છે. જો કોઈ નાગરિક ખોટી વિગત આપશે કે માહિતી આપવાનો ઈન્કાર કરશે તો તેની સામે કાયદેસરની કાર્યવાહી થઈ શકે છે. જોકે, વહીવટી તંત્ર દ્વારા નાગરિકોને સ્પષ્ટતા કરાઈ છે કે આ પ્રક્રિયા દરમિયાન પોતાની આવક, ખાનગી દસ્તાવેજો કે બેંકની વિગતો કોઈને આપવાની રહેશે નહીં. આ મહત્વપૂર્ણ પ્રોજેક્ટ અંતર્ગત રાજકોટ જિલ્લા સહિત રાજ્યભરમાં આજથી હાઉસ લિસ્ટિંગ અને હાઉસિંગ સેન્સસ ઓપરેશનની વ્યાપક કામગીરી શરૂ કરાઈ છે. સમગ્ર રાજ્યમાં આશરે ૧ લાખ ૧૦ હજાર જેટલા તાલીમબધ્ધ ગણતરીકારો અને ૧૨ હજાર સુપરવાઈઝરની ટીમોએ ફિલ્ડમાં ઉતરીને પ્રશાસનિક કાર્ય હાથ ધર્યું છે. ગણતરીકારો દરેક ઘરે જઈને હાઉસ લિસ્ટિંગ કરશે અને નિયત કરાયેલા ૩૩ પ્રશ્નોની સચોટ માહિતી એકત્રિત કરશે. અગાઉ સ્વ-ગણતરી દરમિયાન ભરાયેલી વિગતોમાં જો કોઈ સુધારો કરાવવો હોય, તો નાગરિકો ગણતરીકારને મળીને સુધારો કરાવી શકશે. સમગ્ર પ્રક્રિયા સુચારુ રીતે સંપન્ન થાય તે માટે મહાનગરપાલિકા અને સ્થાનિક વહીવટી તંત્રએ તમામ સ્તરે ચુસ્ત આયોજન ગોઠવ્યું છે.


અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ, ગુજરાત સરકાર





રાજ્ય સરકાર દ્વારા
"રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા -૨૦૧૩"
(N.F.S.A.) હેઠળ મળવાપાત્ર વિતરણના જથ્થાની જાણકારી.

"પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના"
અંતર્ગત માહે-જૂન-૨૦૨૬ માસના વિનામૂલ્યે અનાજ વિતરણની જાણકારી
PRADHANMANTRI GARIB KALYAN ANNA YOJANA

| ક્રમ | કેટેગરી | અનાજ | મળવાપાત્ર જથ્થો | જિલ્લા |
|---|---|---|---|---|
| ૧ | અંત્યોદય કુટુંબો (AAY) | ઘઉં | કાર્ડદીઠ ૧૫ કિ.ગ્રા. | તમામ જિલ્લાઓ માટે |
| ૨ | | ચોખા (ફોર્ટિફાઈડ) | કાર્ડદીઠ ૨૦ કિ.ગ્રા. | |
| ૩ | અગ્રતા ધરાવતા કુટુંબો (PHH) | ઘઉં | વ્યક્તિદીઠ ૨ કિ.ગ્રા. | |
| ૪ | | ચોખા (ફોર્ટિફાઈડ) | વ્યક્તિદીઠ ૩ કિ.ગ્રા. | |

જૂન-૨૦૨૬ માસમાં રાજ્ય સરકાર દ્વારા તુવેરદાળ, ચણા, ખાંડ અને મીઠાના રાહતદરે વિતરણ અંગેની જાણકારી.

| ક્રમ | આવશ્યક ચીજવસ્તુ | કેટેગરી | મળવાપાત્ર જથ્થો | ભાવ પ્રતિ કિ.ગ્રા./લિટર |
|---|---|---|---|---|
| ૧ | તુવેરદાળ | N.F.S.A કુટુંબો | કાર્ડદીઠ ૧ કિ.ગ્રા. | ₹ ૫૦ |
| ૨ | ચણા | N.F.S.A કુટુંબો | કાર્ડદીઠ ૧ કિ.ગ્રા. | ₹ ૩૦ |
| ૩ | ખાંડ | અંત્યોદય કુટુંબો | ૧ થી ૪ સભ્યો સુધી કાર્ડદીઠ ૧ કિ.ગ્રા | ₹ ૧૫ |
| | | | ૫ થી ૮ સભ્યો સુધી કાર્ડદીઠ ૨ કિ.ગ્રા | |
| | | | ૯ કે તેથી વધુ સભ્યો સુધી કાર્ડદીઠ ૩ કિ.ગ્રા | |
| | | બી.પી.એલ કુટુંબો | ૧ થી ૪ સભ્યો સુધી કાર્ડદીઠ ૧ કિ.ગ્રા | ₹ ૨૨ |
| | | | ૫ થી ૮ સભ્યો સુધી કાર્ડદીઠ ૨ કિ.ગ્રા | |
| | | | ૯ કે તેથી વધુ સભ્યો સુધી કાર્ડદીઠ ૩ કિ.ગ્રા | |
| ૪ | મીઠું | N.F.S.A કુટુંબો | કાર્ડદીઠ ૧ કિ.ગ્રા. | ₹ ૧ |


"રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા હેઠળ મળવાપાત્ર અનાજ એ ગરીબ પરિવારો માટે માત્ર રાશન નથી, પણ તેમના સન્માનજનક જીવનનો આધાર છે. જન-જનની અન્ન સુરક્ષા માટે આપણી સરકાર સંકલ્પબદ્ધ છે."
શ્રી હર્ષ સંઘવી, માનનીય નાયબ મુખ્યમંત્રી, ગુજરાત

આપના રાશન કાર્ડને લગતી તથા આપને મળવાપાત્ર અનાજ અંગેની વિશેષ જાણકારી માટે "My Ration" મોબાઈલ એપ્લિકેશન Google Play Store પરથી અથવા QR કોડ સ્કેન કરી ડાઉનલોડ કરવા વિનંતી.
શ્રી રમણભાઈ સોલંકી - માનનીય મંત્રી, અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ, ગુજરાત સરકાર
લાભાર્થી પુરવઠાને લગતી ફરિયાદ હેલ્પલાઈન નં. ૧૮૦૦-૨૩૩-૫૫૦૦, ૧૯૬૭, ૧૪૪૪૫ તેમજ "My Ration" મોબાઈલ એપ્લિકેશન દ્વારા નોંધાવી શકશો.


## પ્રાંતિજ પાલિકામાં પ્રમુખ સામે ૧૫ કોર્પોરેટરોના સામૂહિક રાજીનામાંથી ખળભળાટ


હિંમતનગર,તા.૦૧

સાબરકાંઠાની પ્રાંતિજ નગરપાલિકામાં હોદ્દેદારોની નિમણૂકને હજી એક મહિનો માંડ થયો છે, ત્યાં જ ભાજપ શાસિત નગરપાલિકામાં મોટો ભડકો થયો છે. મહિલા પ્રમુખ અનિતાબેન પાંડ્યા અને તેમના પતિ સામે વહીવટમાં મનમાની કરવાના ગંભીર આક્ષેપો સાથે ૧૯માંથી ૧૫ જેટલા કોર્પોરેટરોએ સામૂહિક રાજીનામું ધરી દેતા રાજકારણમાં ગરમાવો આવી ગયો છે. આ તમામ સભ્યોની સહીવાળો રાજીનામાનો પત્ર સોશિયલ મીડિયામાં વાઈરલ થતાં ભાજપ સંગઠન ચોંકી ઉઠ્યું છે અને પક્ષની શાખ બચાવવા માટે ડેમેજ કંટ્રોલની કવાયત તેજ કરી દેવામાં આવી છે. શરૂઆતથી જ વિવાદોમાં રહેલી આ નગરપાલિકામાં સર્જાયેલી આ આંતરિક બબાલને પગલે હવે સ્થાનિક રાજકારણમાં ભારે હડકંપ મચી ગયો છે.

અમરેલી જીલ્લામાં સૌ પ્રથમવાર...
મેગાસીટીમાં થતા ફુવારા પધ્ધતિ (TOPICAL TACHENIQUE) દ્વારા
અમેરીકન કોલ્ડ ફેકો-લેસર ટેકનોલોજી થી મોતીયાના ટાંકા વગર ઓપરેશન...
ઉચ્ચ કક્ષાના નેત્રમણીની સુવિધા હવે અમરેલીમાં...
DIABETIC તથા HARD (પથ્થરીયા) મોતીયા માટે ખાસ આર્શિવાદરૂપ
દ્રષ્ટિ મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પિટલ
STAR, TATA AIG INSURANCE, Medi Assist, SBI general, care, RELIANCE, BAJAJ Allianz
ડો.અભિષેક ઠાકર
ચિત્તલ રોડ, અમરેલી.
ફોન : (૦૨૭૯૨) ૨૨૧૬૨૭,૨૩૩૫૬૫

સમગ્ર સૌરાષ્ટ્રભરમાં પાણીના બોર માટેનું વિશ્વાસપાત્ર નામ



ટાઈગર બોરવેલના વધારે વિડીયો જોવા માટે YouTube ચેનલમાં TIGER BORWELL સબસ્ક્રાઈબ કરો
કુવાના આડા બોર
૩ ઈંચ થી ૪ાાા - ૫૦૦ ફુટ સુધી કરાવવા માટે મળો
ટાઈગર બોરવેલ
પિયુષભાઈ પટેલ મો. ૯૮૨૫૨ ૧૨૬૭૪
કનુભાઈ સાંખટ મો. ૭૬૨૨૯ ૮૨૭૨૨